# વિભાગ ૨
# કવિ તરીકે 'સાગર'

પ્ર-૧ - પ્રારંભકાળની કવિતા
પ્ર-૨ હૃદયમંથન
પ્ર-૩ આત્માનુભવ
પ્ર-૪ સાગરની કવિતા : મૂલ્યાંકન

# પ્રકરણ ૧
# પ્રારંભકાળની કવિતા

## વિભાગ ૨: કવિ તરીકે 'સાગર'

### પ્રકરણ-૧

### "સાગર" ની પ્રારંભકાળની કવિતા

:ઇ.સ. ૧૯૦૧ થી ઇ.સ.૧૯૦૭:

"દાઝ્યા ઉપર ડામ" ની પાદપૂર્તિ હરિફાઇમાં "સાગર" ને પ્રથમ ઇનામ પ્રાપ્ત થયું હતું. તે સમયના સાક્ષર-કવિ દલપતરામના હાથે ઇનામ સમારંભમાં આ ઇનામ પ્રાપ્ત થતાં "સાગર" ને કવિતારચના માટે યોગ્ય માનસિક ભૂમિકા સાંપડી હતી. આ પ્રસંગ દ્વારા પ્રાપ્ત થયેલી પ્રેરણા અને ઉત્સાહ દ્વારા જ "સાગર"ની કવિતાનો પ્રારંભ થયો. પરંતુ સાહિત્યના સંસ્કારો અને સાહિત્ય પ્રત્યેની અભિરુચિ શ્રી. લાખિયા અને ચચા સાહેબ દ્વારા એમને પ્રત્યક્ષ રીતે માધ્યમિક કેળવણી દરમિયાન જ પ્રાપ્ત થયાં હતા. રોમિયો-જુલિયટ, કે અરેબિયન નાઇટસની વાર્તાઓનું અધ્યયન કરનાર "સાગર" ઇ.સ. ૧૮૯૮ ના વર્ષમાં મણિલાલ, ગોવર્ધનરામ ત્રિપાઠી અને "કલાપી" ના સાહિત્યની એકનિષ્ઠપણે સાધના આરંભેછે, અને સાહિત્ય--વ્યાસંગ દ્વારા સાહિત્યના સંસ્કારનો એમના પિતા દ્વારા પ્રાપ્ત થયેલો વારસો સાહિત્યની રચના અને સાધનામાં પરિણમે છે. સ્નેહમુદ્રા, ગુલાબસિંહ, સરસ્વતીચંદ્ર, અને કલાપીનો કેકારવ જેવા શિષ્ટ ગ્રન્થોના અભ્યાસ અને બુધ્ધિપ્રકાશ, જ્ઞાનસુધા, જેવા માસિકોના વાંચનને પરિણામે "સાગર" નો સાહિત્ય પ્રત્યેનો રસ વધુ જાગ્રત થતાં તેમનું હૃદય સાહિત્યપ્રવૃત્તિ તરફ સવિશેષ અભિમુખ થાય છે. "સાગર"ની કવિતા રચનાના બાહ્ય પ્રેરક બળોમાં આ ઉપરાંત બીજાં કેટલાંક તત્વો પણ અનિવાર્ય ગણવાં જોઇએ. લગ્નજીવનમાં નિષ્ફળતા અને પિતાનો અકાલીન દેહાંત, જગતની કુટિલતા ને રુઢિની જડતાને પરિણામે પ્રગટેલી જગત પ્રત્યેના વિરાગની પ્રબળ ભાવના અને તેને પરિણામે હૃદયમાં જાગેલી એક માત્ર પરમાત્મા પ્રત્યેની દૃઢશ્રધ્ધા અને પ્રભુપ્રેમની તીવ્ર ઝંખના "સાગર" ની પ્રારંભકાળની કવિતાનું એકમાત્ર પ્રેરક બળ હતું. તે તેમની કવિતાના અભ્યાસ પરથી પ્રતીત થાય છે.

"સાગર"ની પ્રારંભકાલની કવિતામાં "દીવાને સાગર" દફતર-૧ માં પ્રગટ થયેલી પ્રથમ તબકકાની કૃતિઓ ઉપરાંત અન્ય માસિકોમાં પ્રગટ થયેલી પરંતુ ગ્રન્થસ્થ નહીં થયેલી એવી કેટલીક કૃતિઓ અને કેટલીક અપ્રસિધ્ધ કૃતિઓનો પણ સમાવેશ થાય છે.

"સાગર" ની સૌપ્રથમ નોંધપાત્ર કૃતિ "ઉદ્ગાર" ગઝલ ઇ.સ. ૧૯૦૧ ના નવેમ્બરની ચોથી તારીખે સરખેજમાં રચાયેલી છે. બુધ્ધિપ્રકાશમાં જ પ્રગટ થયેલી છતાં ગ્રન્થસ્થ નહીં થયેલી બે કૃતિઓ ખૂબ નોંધપાત્ર છે. બન્ને મારાઠી પદ્યોના અનુવાદો છે. "નાની કીકીનું પારણું" અને "માતૃચરણ નમન" આ બે કાવ્યોમાંનુ પ્રથમ હાલરડું છે અને બીજું દેશભકિતનું - માતૃભૂમિના ચરણમાં નમન છે. ઇ.સ. ઇ.સ. ૧૯૦૩ માં "જૈન હિતેચ્છુ" અને "વૈશ્યપત્રિકા" માં પ્રગટ થયેલી કૃતિઓ "ફળોનો સંવાદ" અને "વેશ્યાને મદિરા" મૌલિક કૃતિઓ લેખે સવિશેષ નોંધપાત્ર છે.

"સાગરે" પોતાની કવિતા માટે તેમના લઘુબંધુ શ્રી. ચીમનભાઇ દા. ત્રિપાઠી "કુંજ" ને સ્પષ્ટ જણાવ્યું છે કે: "મારી કવિતા "કવિતા" નથી પણ મારી કવિતા મારું જીવનચિત્ર છે" એ વિધાન દીવાને સાગર દફતર પહેલાના પ્રથમ ત્રણ તબકકા માટે યથાર્થ છે.[1]

"સાગર" ની પ્રથમ કૃતિ "ઉદ્ગાર" માં જગત પ્રત્યેના વિરાગ અને પરમાત્મા પ્રત્યેના રાગની આરઝૂ વ્યકત થઇ છે. તે પછીનાં કાવ્યોમાં હરિ-વિરહનું રુદન, પશ્ચાત્તાપ, હૃદયનું મંથન અને પરમાત્મા પ્રાપ્તિ સુધીનો હૃદયનો ક્રમિક વિકાસ પ્રથમ ત્રણતબકકામા અને કાવ્યોમાં આલેખાયો છે. "દીવાને સાગર દફતર-૧" માં છેલ્લા તબકકામાં અને "દીવાને-સાગર દફતર-૨" માં "સાગર"નું અનુભવદર્શન છે. પરમાત્મા સાથેના ઐકયની મસ્તી છે- ખુમારી છે, મિલનના મૃદુ ભાવો અને જીવનાનુભવનો સાચો રણકાર છે. અર્વાચીન કવિતામાં "સુંદરમે" કહ્યું છે તેમ"એમના પ્રત્યક્ષ જીવનમાં ઘણી મસ્તી હતી, નિજાનન્દનો સાક્ષાત્કાર

...........

[1]"સાગર" ની પત્રરેખા - અપ્રસિધ્ધ

હતો અને તે તત્ત્વને તેમણે વાણી આપી છે એમ કહેવું પડશે.[2] આત્મતૃપ્તિના ઉદ્ગારોમાં વ્યકત થયેલી અનુભૂતિનું બળ તેને આપોઆપ કાવ્યદેહ અર્પે છે. પરંતુ દીવાને સાગર દફતર-૧ ના પ્રથમ ત્રણ તબકકાની કવિતા માટે તો ઉપર્યુકત વિધાન જ યથાર્થ છે કે "સાગર" ની કવિતા કવિતા નથી પણ જીવનચિત્ર છે.

ઇ.સ. ૧૯૦૧-૧૯૦૭: પ્રથમ તબકકાની કવિતાનું બાહ્ય સ્વરૂપ:

"સાગર" ની પ્રારંભકાલની કવિતા માટે પણ કહેવું જોઇએ કે સાધન તરીકે પણ જો કવિહૃદયના ભાવો વ્યકત કરવાનું પ્રયોજન સધાયું હોય તો તે બેશક કવિતાનો કલાદેહ અવશ્ય પ્રાપ્ત કરે છે.

ઇ.સ. ૧૯૦૧ થી ઇ.સ. ૧૯૦૭ ના પ્રથમ તબકકાની "સાગર" ની કવિતા પ્રારંભકાલની હોવા છતાં સ્વરૂપની દૃષ્ટિએ વૈવિધ્યનું પ્રમાણ સવિશેષ છે. છંદોબધ્ધ કાવ્યોમાં "પિતૃવિરહ","શાશ્વતી શાન્તિ આપો" "નિવાપાંજલિ" "અરે હિન્દુઓ ઘેલા થયા", "પોતાને પગ ચાલજે" સ્વર્ગે વસેલા પ્રિય જનકને" "કુદરતનું શિક્ષણ" અને "નવું વર્ષ" કાવ્યોમાં કવિએ વિવિધ છંદો પ્રયોજયા છે. શાર્દૂલવિક્રીડિત, મંદાકાન્તા, શિખરિણી, દેશી, વસંતતિલકા, અનુષ્ટુપ, વંશસ્થ અને તોટક છંદોની ખૂબ જ સાહજિકતાથી કવિએ કરેલી આયોજના તેમની વિવિધ છંદોની પકડ અને તેનું વિશદ જ્ઞાન દર્શાવે છે. "ઉદ્ગાર", "ખરેખર ભૂલ એ મારી" "હમારી પરેશાની" "હું શું લખું? " અને "પડઘમ" જેવી ગઝલો વિવિધ છંદોમાં રચાયેલી છે જો કે વિષયની દૃષ્ટિએ કવિની મર્યાદા ખાસ ધ્યાન ખેંચે છે. જગત પ્રત્યે વિરાગ અને જગતના રિવાજોની દાંભિકતા પ્રત્યેના તિરસ્કાર અને ધિકકારની ભાવના સિવાય અન્ય કોઇ વિષય કવિએ સ્પર્શ્યો નથી. પરંતુ ઇ.સ. ૧૯૦૬ ના ડિસેમ્બરની છઠ્ઠી તારીખે રચાયેલી "આશકનો એકરાર" ગઝલ,ગઝલના કાવ્ય સ્વરૂપની દૃષ્ટિએ ઉપર્યુકત ગઝલોથી ભિન્ન પ્રકારની છે. "આશકનો એકરાર" માં આશક સનમની મીઠી નજર દ્વારા પોતાના જીવન સાગરને મીઠો બનાવવાની પોતાની આરઝૂ વ્યકત કરે છે. "ભાકત કરું ભગવાન" અને "નમું માતૃભૂમિ ગુજરાત", "વાંચનારને"

...........

[2]અર્વાચીન કવિતા "સુંદરમ" પૃ. ૨૦૧

"ચંદ્રમા" "જિંદગીને", "ખોવાયેલું બુલબુલ" જેવાં ગીતકાવ્યો પણ "સાગરે" પ્રારંભકાળમાં રચ્યાં છે. "ભકિત કરું ભગવાન" ભવસાગરમાં પોતાની જીવનનૌકા ચલાવવા માટેની યાચનારૂપે રચાયેલું ભકિતકાવ્ય છે. "નમું માતૃભૂમિ ગુજરાત" - ગીત નર્મદના "જય જય ગરવી ગુજરાત" ની શૈલીનું અનુસરણ છે. જેમાં માતૃભૂમિ ગુજરાતના વ્યકિતવિશેષ ને અને તે દ્વારા ગુજરાતને નમન છે. "ચંદ્રમા" ગીત આ સર્વગીતકાવ્યોમાં શબ્દલાલિત્ય અને સંગીતક્ષમતાની દૃષ્ટિએ ખાસ ધ્યાન ખેંચે તેવું છે. "ચંદ્રમા" નું આ કાવ્ય નાનાલાલે "જયાજયંત" નાટકમાં મૂકવા ખાસ પસંદ કર્યું હતું.[3] પરંતુ પાછળથી વિરોધ થતાં આ કાવ્યને તે સ્થાન આપી શકયા નહોતા.

"સાગર" ની પ્રારંભકાલની કવિતાનું એક વિશિષ્ટ લક્ષણ વિષયની વિવિધતા છે. જગત પ્રત્યેનો વિરાગ દર્શાવતા પિતાને અને માતૃભૂમિને અંજલિ આપતાં કાવ્યો, ગુજરાત અને ગુજરાતી ભાષાની યશગાથા રજૂ કરતાં કાવ્યો, રુઢિના જડનિયમો પર પ્રહારો- કટાક્ષ કરતાં કાવ્યો, જગત-સેવાની ભાવના અને પરમાત્મા પ્રત્યેની વિશુધ્ધિ ભકિતની યાચના રજૂ કરતાં કાવ્યો, કુદરતી સૌન્દર્ય કે સમાજસુધારા અંગેનાં કાવ્યો, ઉપરાન્ત પ્રણયની નિષ્ફળતાને પરિણામે હૃદયની વિરહ-વેદનાનું નિરૂપણ કરતાં કાવ્યોનો પણ પ્રથમ તબકકાની "સાગર" ની કવિતામાં સમાવેશ થાય છે.

## અંજની ગીતો

કવિ "કાન્ત" સાથેના વિશિષ્ટ સંબંધને પરિણામે તેમના દ્વારા અંજની ગીતો રચવાની "સાગર" ને પ્રેરણા મળી હતી. પરિણામે "સાગરે" વિપુલ પ્રમાણમાં અંજની ગીતો લખ્યાં છે. જો કે સ્વરૂપની દૃષ્ટિએ બધાં

...........

[3] "સાગરની પત્ર રેખા" પૃ. ૧૫૪

ગીતો કાન્તે કહ્યું છે તે પ્રમાણે અંજની ગીતોના શુધ્ધ રૂપનાં કહી શકાય એમ નથી.[૪] "પેલી ભૂમિ" "સોનેરી કિનારા" "તે કોણ?" "મારો ત્રાતા" "પ્રાર્થના" "છે અવકાશ હજી" "યાચના""અર્પણ" જેવાં અંજની કાવ્યો, બાઇબલના શાસ્ત્ર, લ્યુક, મેથ્યુ, ઉપરથી રચાયેલાં મુકત ભાવાનુવાદો છે તો બીજી તરફ "મારાં પંખીડાં" "બાલક પંખીને" "આશ્વાસન" "નિષ્ફળતા" કે "ફરજ" જેવાં રૂપક શૈલીનાં અંજની ગીતો પણ છે. તો હવે આપણે "સાગર" ની પ્રારંભકાલની કવિતાનું બાહ્ય સ્વરૂપ નિહાળીએ. આ સમય દરમિયાન રચાયેલાં કાવ્યોમાં ગઝલ, અને અંજની ગીત કાવ્યપ્રકારની દૃષ્ટિએ નોંધપાત્ર છે. છંદોબધ્ધ કાવ્યો અને ઊર્મિગીતો પણ કવિએ રચ્યાં છે. મસ્ત રંગના કવિ તરીકે "સાગર" નું વિશિષ્ટ પ્રદાન ગઝલોનું હોઇ આપણે સર્વપ્રથમ આ છ વર્ષના ગાળા દરમિયાન રચાયેલી ગઝલોનું બાહ્ય સ્વરૂપ નિહાળીએ.

## ગઝલોનું બાહ્ય સ્વરૂપ

આ સમય દરમિયાન રચાયેલી બાર ગઝલો "સાગર" ની પ્રારંભકાલની ગઝલો હોઇ સ્વાભાવિક રીતે જ તેમાં છંદનું વૈવિધ્ય નથી. ગઝલના સ્વરૂપની દૃષ્ટિએ પણ ઘણી જગ્યાએ શિથિલતા છે અને રદીફ કાફિયા જાળવવાનો પ્રયત્ન પણ "સાગરે" કર્યો નથી. "બહરે હઝજ મુસમ્મન સાલિમ છંદમાં રચાયેલી ગઝલો "ઉદ્ગાર", "ખરેખર ભૂલ એ મારી" "હમારી પરેશાની", "દિલબરને", "આવાઝની લૂટ" અને "હમારા ખ્યાલ" છે. મફાઈલૂન – લ ગા ગા ગા ના ચાર આવર્તન વાળો "હઝજ" છંદ "બાલ" ની જાણીતી ગઝલ "ગુજારે જે શિરે તારે" માં પ્રયોજાયો છે. "હું શું લખું? " "પડઘમ" આશકનો એકરાર", દૈવી મોરલાને અને "સત્યવિજય" ગઝલોમાં "સાગરે" મુસતફઇલુન ના ગા ગા લ ગા ના ચાર આવર્તન વાળો – રજઝ છંદ – બહરે રજઝ મુસમ્મન સાલિમ પ્રયોજયો છે. "કલાપી" ની જાણીતી ગઝલ "હું જાઉં છું, હું જાઉં છું, ત્યાં આવશો કોઇ નહીં" માં પણ આજ છંદ પ્રયોજાયો છે. "આવાઝની લૂટ" ગઝલની પ્રથમ પંકિતઓ ચોટદાર હોઇ, અનાયાસે જ હઝજ છંદના – બહરે હઝજ મુસમ્મન સાલિમ" ના શુધ્ધ રૂપમાં જ લખાઇ છે. જુઓ:

હવે મોટા અવાઝોથી સનમને હાક મારી 'તી:
હમારા નામની ખુલ્લી નિશાનીઓ બતાવી 'તી.[5]

"દિલબરને" ગઝલમાં પણ નીચેની પંકિતમાં અભિવ્યકિતની સચોટતા હોઇ તેના શુધ્ધ રૂપમાં લખાઇ છે. જુઓ:

ખફા થા કે સફા કર તું. હવે ઇતબાર રાખ્યો છે.

. . .

કહીં છે? આવશે કયારે? બતાવી દે. બતાવી દે!
અગર મારૂં કફન કે આ બદન, માશૂક જલાવી દે.[6]

"ઉદ્ગાર" ગઝલમાં હઝજ છંદનું માપ બરાબર જળવાયું નથી. "કલાપી" ની માફક એમની આ પ્રથમ કૃતિ છે- ગઝલ છે અને માત્ર અઢાર વર્ષની વયે લખાયેલી છે. આ ગઝલમાં થોડીક જ પંકિતઓ તેના શુધ્ધ સ્વરૂપમાં છે. છેલ્લી બે પંકિતઓમાં પોતાના દૃઢ નિર્ણયની સચોટ અભિવ્યકિત હોઇ છંદનું માપ બરાબર જળવાયું છે. જૂઓ:

ક્ષમા માગું: દયા માગું: બધું ત્યાગું: રઝા માગું.
અને બસ, એજ અજમાવુ, લલાટે જે લખાવેલું.[7]

"ખરેખર ભૂલ એ મારી" ગઝલમાં પોતાના હૃદયની વિદધાત્મક પરિસ્થિતિનું આબેહૂબ ચિત્ર રજૂ કર્યું હોવાથી હઝજ છંદનુ તેના શુધ્ધ રૂપમાં પ્રયોજાયો છે. જુઓ:

તજાતું ના. મરાતુ ના. ખરેખર ભૂલ એ મારી.[8]

"હમારી પરેશાની" ગઝલમાં કવિએ મોટેભાગે છૂટ લીધી નથી.

............

[5] દિવાને સાગર દફતર ૧ પૃ. ૬૬

[6] એજન પૃ. ૫૧

[7] એજન પૃ. ૨૦

[8] એજન પૃ. ૨૫

પરેશાની હમારી આ, ઇલમનું કૈ મલમ માગે:

o o o

હમે બેઝાર રોવાના. હમે બેઝાર રોવાના.[9]

"હમારી પરેશાની" માં ભાવની સચોટતા હોઇ હઝજ છંદના શુધ્ધ રૂપમાં જ ભાવનું નિરૂપણ નોંધપાત્ર છે.

"હઝજ" છંદ વાળી ગઝલોમાં "સાગરે" છૂટ લીધી છે અને તેનું માપ બરાબર જાળવ્યું નથી. થોડાંક દૃષ્ટાંતો જોઇએ.

પ્રથમ ગઝલ "ઉદગાર" માંથી બે પંક્તિઓ

લ ગા ગા ગા લ ગા ગા ગા લ ગા ગા લ ગા લ ગા ગા ગા

ન રૂ ઢિ ને ન મ્યું આપું ભ લે શૂ હ જં ગ લે સ્થાપું.

લ ગા ગા ગા લ ગા ગા ગા લ ગા ગા ગા લ ગા ગા ગા

ચ ડ્યું આ ચિ ત્ત ચ ક ડોળે ખ રો કૈ મા ર્ગ ખો ળે છે

"દિલબરને" ગઝલની પ્રથમ પંકિત જુઓ[11]

લ ગા ગા ગા લ ગા ગા ગા ગા લ ગા ગા ગા લ ગા ગા ગા

અ મે દિ લ બર દી વા ના ને દિ લે કૈં દા ગ લા ગ્યો છે:

"હમારા ખ્યાલ" માં પણ સાગરે છૂટ લીધી છે. જુઓ: [12]

લ ગા ગા ગા લ ગા ગા ગા લ ગા લ ગા ગા લ ગા ગા ગા

દફન ક બરે થવા નું છે અગર બ ળી ખાક થા વું છે.

રજઝ છંદમાં રચાયેલી ગઝલોમાં પણ "સાગરે" સારા પ્રમાણમાં છૂટ લીધી છે થોડાક દૃષ્ટાંતો જોઇએ.

"હું શું લખું." ગઝલની બીજી પંકિત જુઓ[13]

............

9 એજન પૃ. ૨૬

૧૦ એજન પૃ. ૨૦

૧૧ એજન પૃ. ૫૧

૧૨ એજન પૃ. ૭૩

૧૩ એજન પૃ. ૨૭

ગા ગા લ ગા ગા ગા ગા ગા ગા ગા ગા ગા ગા ગા ગા લ ગા
દ રિ યા વ આં સુના સી ના પર રા ખી ને ફર તો ફરું.

"પડઘમ" ગઝલમાં પણ છંદની દૃષ્ટિએ અશુધ્ધિનું પ્રમાણ સવિશેષ છે. "આશકનો એકરાર" ગઝલમાં પણ પ્રથમ પંકિતમાં જ આવી છૂટ લીધી છે. જુઓ: [14]

ગા ગા લ ગા ગા ગા ગા ગા લ ગા ગા લ ગા ગા ગા લ ગા
મા લે ક ઓ આ લમ ત ણી. જ હાં બં દ ગી તા રી ક રે.

"દૈવી મોરલાને" ગઝલમાં પણ કવિને છૂટ લેવી પડી છે. જુઓ: [15]

ગા ગા લ ગા ગા ગા લ ગા ગા લ ગા લ ગા ગા ગા લ ગા
અ ફસોસ આ ક ર્યું તું ને, પ્રિય શુ હૂ ક તો સુ ણ્યો ન હીં.

"સત્યવિજય" ગઝલમાં પણ કવિએ છૂટ લીધી છે.[16]

ગા ગા લ ગા ગા ગા ગા ગા લ ગા લ ગા ગા ગા લ ગા
છો ને બુ રા ઇ મા ની ને મિત્રો બધા વે રી બ ને;

પ્રારંભકાલની ગઝલોની બીજી એક મોટી મર્યાદા છે કે "સાગરે" રદીફ કાફિયા જાળવ્યા નથી. બાલ, મણિલાલ કે કલાપીએ પણ રદીફ કાફિયા જાળવ્યા નથી. એ પરંપરાનું જ "સાગરે" પણ અનુસરણ કર્યું છે.

રજઝ છંદના ૧૬૩ ના ઉપભેદ – બહરેરજઝ મુસમ્મન મકતૂઅના – મુસતફઇલુનના ત્રણ આવર્તન અને મફઅઉલુનમાં ગા લ ગા ના કે આવર્તન અને ગા ગા ગા– મૂળ સ્વરૂપમાં થોડોક ફેરફાર કરી ગાગાલગાના ત્રણ આવર્તન અને છેલ્લે ગાગા એ પ્રમાણે રજઝ છંદનો નવો ઉપભેદ "સ્નેહનું સંગી" ગઝલ દ્વારા "સાગરે" આપ્યો છે. જુઓ: [17]

...........

[14] એજન પૃ. ૪૫

[15] એજન પૃ. ૬૭

[16] એજન પૃ. ૭૩.

[17] એજન પૃ. ૬૭ જુઓ ગઝલોના છંદ સ્વરૂપના વિસ્તૃત વિવેચન માટે- રણ પિંગલ ફારસી કવિતારચના ભા-૨ રણછોડભાઇ ઉદયરામ પૃ. ૧૭૦

કોઇ બતાવો કયાંય સાચા સ્નેહનું સંગી?

o o o

દંગો ઉઠાવે હકકનો. અહાલેકનું દંગી.

આ ગઝલમાં પણ "સાગરે" સવિશેષ પ્રમાણમાં છૂટ લીધી છે. "સાગર" ની આ મર્યાદાનું લાક્ષણિક દૃષ્ટાંત આ ગઝલ બની રહે છે. જુઓ: ૧૮

ગા લ ગા ગા ગા લ ગા ગા ગા લ ગા ગા ગા

પ્રે મ ની પ ર્વા ક રે: દિ લમાંનિકે઼ તં ગી

પ્રણયનિરાશાને પરિણામે જગતના વ્યાવહારિક રીતરિવાજો રુઢિની સામે વિરોધ અને જગતના ત્યાગની- વૈરાગ્યની ભાવનાનું નિરૂપણ "ખરેખર ભૂલ એ મારી" "હમારી પરેશાની" "હું શું લખું?" અને "પડધમ" ગઝલોમાં થયું છે. કવિનું હૃદય પ્રબળ આઘાતને પરિણામે નિરાશાના સૂરસાગરમાં ડૂબી ગયું છે. જુઓ:

ગમીમાં જીંદગી જાશે, છતાં એ વાત કહેશો ના.

o o o

હવે આ ઝિંદગી જહન્નમ, અરે હમને ય હો લ્યાન્યત.
હમે બેઝાર રોવાના, હમે બેઝાર રોવાના[૧૯]

"હું શું લખું?" માં પ્રણયની નિરાશા વ્યકત કરતા કવિહૃદયનું આક્રન્દ સર્વપ્રકારની મર્યાદાઓ ઓળંગી જાય છે. અને એ વિરહનું દર્દ આ રીતે વ્યકત થાય છે.

"હું શું લખું? શાને લખું? કોને લખું? લાચાર છું.
દરિયાવ આંસુના સીના પર રાખીને ફરતો ફરું. [૨૦]

...........

[૧૮] એજન

[૧૯] એજન પૃ. ૨૬

[૨૦] એજન પૃ. ૨૭

"કે નાચતા કે કુદતા, ફરતા કે રમતા હમે
હૈયે હમારે હોળીઓ સળગે, છતાં ગણતા નહીં."[21]

"હું શું લખું?" ગઝલમાં કવિહૃદય પોતાની હૃદયવ્યથાને જ પ્રણયની રાહત તરીકે માનીને હૃદયનો ભાર ઓછો કરવાની નવી યુક્તિ પોતાને પ્રાપ્ત થઇ છે એમ જણાવતાં કહે છે કે:

સંસારને અને વ્યવહારને, મેં દોઝખમાં ફેંકી દીધાં છે અને હું તેનાથી પર થઇ, એક માત્ર પ્રણયના અવલંબન ઉપર જ મારી જીવનનૌકા ચલાવે રાખું છું.

એનું કારણ જણાવતાં તે સ્પષ્ટ કહે છે કે:

"ધાનત હમારી સાફ છે, નીતિ હમારી પાક છે.
મૌલા હમારો નેક છે. તો બીક શી વ્યવહારની?[22]

"મહબૂબના મિસ્કીન અને ફિદવી" "સાગર" ને જગતના સંબંધો અને કુટિલતા સામે નફરત હોવા છતાં પ્રેમના હુકમને તાબેદાર રહેવાનો નિર્ણય જાહેર કરતાં કહે છે કે:

"મર્ઝમાં રહેવા છતાં, ઉલ્ફત હુકમ કંઇ હોય તો,
ફરમાવજો! દિલ્દારના હમેશના ફિદવી છીએ.[23]

ગઝલનું અંત:સ્વરૂપ:

"સાગર" ની પ્રથમ ગઝલ ઉદ્‌ગારમાં "સાગરે" વૈરાગ્યની પ્રબળ ભાવનાનું નિરૂપણ કર્યું છે. માનસિક સંઘર્ષ ને કારણે એમનું ચિત્ત રાગ અને વિરાગની વચ્ચે ઝોલાં ખાય છે. પરિણામે એમનું ચિત્તતંત્ર ત્યાગ વિના અન્ય કોઇ વિચાર કરી શકતું નથી.

"ચડયું આ ચિત્ત ચકડોળે. ખરો કે માર્ગ ખોળે છે:
અને ઉરવૃત્તિઓ મારી, બધી યે ત્યાગ બોલે છે.[24]

...........

[21]એજન પૃ. ૨૭

[22]એજન પૃ. ૨૭

[23]એજન પૃ. ૨૮

[24]એજન પૃ. ૧૯

સંસારના સંબંધો એમને બંધન લાગે છે. જગતના રીતરિવાજો પ્રત્યે એમના દિલમાં ભારોભાર તિરસ્કાર વ્યાપ્યો છે. જગતના સંબંધોને તે માયિક ગણે છે, અને એકમાત્ર પરમાત્મા સિવાય આ સર્વ વ્યાવહારિક સંબંધોની દાંભિકતા વ્યકત કરતાં "સાગર" સ્પષ્ટ કહે છે કે:

જુઠો આ દંભ સૌ ભાસે, નથી વિશ્વાસ વ્યવહારે.
ભ્રમણ વમળે ચડું શાને? પ્રભુ વિણ કોણ છે મ્હારે.[25]

અને કવિહૃદય પોતાનો દૃઢ નિર્ણય જાહેર કરતાં જગતની ક્ષમા યાચી જગતના સંબંધોનો ત્યાગ કરી "લલાટે લખાવેલું" અજમાવવાની એકમાત્ર અભિલાષા સાથે રજા માગે છે.

"ખરેખર ભૂલ એ મારી" ગઝલમાં "સાગર" પોતાની ભૂલનો એકરાર કરતાં કહે છે કે:

"ગયો ઉત્સુક હીનભાગી, ચમનમાં ઢૂંઢવાને ગુલ:
હશે ત્યાં ખાર ન જાણ્યું. ખરેખર ભૂલ એ મારી.[26]

જીવનના સંબંધોમાં આનંદ શોધવા મથનારને સાચો આનંદ પ્રાપ્ત થતો નથી. જીવન-વ્યવહારમાં સાચો પ્રેમ શોધનારને સાચો પ્રેમ સાંપડતો નથી. સાચા પ્રેમી જિગરને પ્રેમને બદલે હંમેશા કંટક જ પ્રાપ્ત થાય છે. તેમ છતાં કવિહૃદય દાંભિક જગતનો અને જગતના વ્યવહારોનો ત્યાગ કરી શકતું નથી. મન અને હૃદય વચ્ચેનો આ સંઘર્ષ આ ગઝલમાં આ પ્રમાણે વ્યકત થયો છે.

"જીવનમાં ઝેર ભેળાયું. અભાગી તો ય જીવું છું.
તજાતું ના. મરાતું ના. ખરેખર ભૂલ એ મારી![27]

...........

[25] એજન પૃ. ૨૦ [26] એજન પૃ. ૨૫

[27] એજન પૃ. ૨૫

"ભૂલો હું આ પિછાનું છું! છતાં આ આલમે રહું છું.
જતો નથી જંગલે ચાલ્યો! ખરેખર ભૂલ એ મારી![28]

"હમારી પરેશાની" ગઝલમાં પણ જગતની દાંભિકતા સામે કવિહૃદયનો પ્રતિકાર અને જગતના વ્યવહારોની કુટિલતાને પરિણામે પોતાની જીંદગી ઝબેહ કરવાની તમન્નાનું આલેખન "સાગરે" આ પ્રમાણે વ્યકત કર્યું છે:

અરે કિસ્મત! શિતાબીથી, ઝબેહ કર ઝિંદગી મારી.
હયાતી. તું ખતમ થઇ જા. મજા છે ના અહીં તુજ ને. [29]

"પડઘમ" ગઝલમાં ઉપદેશ અને આચારના વૈષમ્યની સામે કટાક્ષ અને પ્રહારોનું ઔચિત્યભંગ ન થાય તે રીતે દૃષ્ટાંતો દ્વારા નિરૂપણ છે. ખાસ કરીને બાળલગ્નને પરિણામે કવિને સાંપડેલી પ્રણયનિરાશાનું બ્યાન છે . ભીમ કે પૃથુરાજ, મત્સ્યેન્દ્ર કે ગોરખનાથના જેવું તે જ અત્યારની પ્રજામાં નથી તેનું કારણ જણાવતાં તે સ્પષ્ટ કહે છે કે:

એ નૂર નાના બાળકોના લગ્નથી લય પામતું. [30]

જગતના અન્યાયી કાયદા દુ:ખદાયક હોવા છતાં રૂઢપૂજકો તેને જ અલાવવાનો આગ્રહ રાખે છે. તે સામે પ્રહાર કરતા તે કહે છે કે:

"શાને તમે શાણાં છતાં, આવા જુલમ ગુજારતા.
જે કાયદા દુ:ખદેણ છે, તે કેમ ના અટકાવતા. [31]

કજોડાંનો ઉલ્લેખ કરતા તે દૃષ્ટાંત આપતા કહે છે કે:

વ્હાલાં બિચારા બુલબુલોને, કાગ સાથે જોડતાં,
આફતાબ સાથે ચશ્મહીન અરે તમે વળગાડતાં. [32]

o o o

મેના બિચારી રાંકડી. ઉલ્ફત ગુરાદે તરફડે.
બેચેનીમાં જોડી વિના, એ શેર શું જીવતો રહે? [33]

...........

[28] એજન પૃ. ૨૫

[29] એજન પૃ. ૨૬

[30] એજન પૃ. ૨૯

[31] એજન પૃ. ૩૦

[32] એજન પૃ. ૩૦

[33] એજન પૃ. ૩૦

આમ થવાનું કારણ જણાવતાં રુઢિપૂજકોની દાંભિકતા ઉપર "સાગરે" સખત ટીકા કરી છે જુઓ:

જ્યાં રુચતું આવે તમે ત્યાં, શાસ્ત્રને બાઝી પડો.
જ્યાં ફાવતું આવે નહીં, ત્યાં ચક્ષમહીન થતાં તમે.[૩૪]

અને આવા રુઢિપૂજકોને માટે છેલ્લી પંક્તિમાં આ ઉપદેશાત્મક ગઝલમાં સ્પષ્ટ કહે છે કે:

"બહેરા થયા માલૂમ છતાં, પડઘમ નકામું ઠોકતો" [૩૫]

"આશકનો એકરાર" ગઝલમાં "સાગરે" સૌ પ્રથમ ઇશ્કેહકીકીનું નિરૂપણ કર્યું છે. આલમની માલેક- સનમની બંદગી કરતાં આશક પોતાના સ્નેહનો એકરાર આ રીતે રજૂ કરે છે:

"તારી ખુદાઇ પર યકીનથી પેરમાં પડનાર છું,
ખુલ્લું જિગર જો, ઓ સનમ! હું રહમ તણો હકકદાર છું.[૩૬]

પરમાત્મા પ્રેમનો નિર્દેશ કરતાં આ ગઝલમાં "સાગર" સ્પષ્ટ કહે છે કે:

"હકક તો અનલહકક એક છે, ખુલ્લી સનમ ખેલે જહીં.[૩૭]

o o o

આત્મપ્રેમની પોતાની પ્રેમભાવનાનું નિરૂપણ કરતાં પ્રેમમાર્ગના એક મોટા ભયસ્થાનનો નિર્દેશ કરતાં કહે છે કે: પ્રેમમાર્ગમાં દૈહિક વાસનાઓનો આત્મપ્રેમમાં લય કર્યા પછી જ મીનોઇનૂર આશક જિગરને પ્રાપ્ત થઇ શકે છે. દુન્યવી પ્રેમની દૃષ્ટિને બદનબદીથી દૂર કરીને દૃષ્ટિના ઊર્ધ્વીકરણ દ્વારા સનમનો સ્નેહ પ્રાપ્ત થઇ શકે છે. તેનું નિરૂપણ કરતાં "સાગર" કહે છે કે:

...........

[૩૪]એજન પૃ. ૩૧

[૩૫]એજન પૃ. ૩૧

[૩૬]એજન પૃ. ૪૬

[૩૭]એજન પૃ. ૪૬

"આ ચશ્મગુલ જૂઠાં બતાવી, બદનબદીમાં દોરતાં,

તું તે કરી દૂર પૂર નૂર, મીનોઇ આ મુજ ચશ્મમાં. [38]

આત્મપ્રેમનો પોતાનો આદર્શ વ્યક્ત કરતાં સનમની કૃપા યાચતાં "સાગર" પોતાના જીવનસાગરને સનમની કૃપા અને તેના પ્રેમ વ્દારા મીઠો બનાવવા આ પ્રમાણે વિનવે છે:

"કરી બેવફાઇ બધી ખતમ, મુજ નેકીમાં લઇ જા કદમ.

સાગર બધો ખારો ભર્યો, કરજે મીઠો તું, ઓ સનમ.[39]

<u>"સાગર" ની ગઝલોનો ઉપાડ: વિશિષ્ટ લક્ષણ:</u>

"સાગર" ની ગઝલોનું વિશિષ્ટ લક્ષણ તેનો ઉપાડ છે. "હું શું લખું?" અને "હમારી પરેશાની" ગઝલમાં પ્રશ્નાર્થક ઉપાડ છે. એક પ્રશ્ન રજૂ કર્યા પછી બીજી પંક્તમાં વિધાનની રજૂઆત "સાગર" કરે છે, જુઓ:

હું શું લખું. શાને લખું. કોને લખું. લાચાર છું.[40]

o o o

પરેશાની હમારી આ, ઇલમનું કંઇ મલમ માગે,

તમે કૈં જાદુ કરવાના. નહીં તો વાત કહેશો ના. [41]

"સ્નેહનું સંગી" ગઝલમાં પણ પ્રશ્નાર્થક ઉપાડ છે, જુઓ:

"કોઇ બતાવો ક્યાંય સાચા સ્નેહનું સંગી. [42]

"પડઘમ" જેવી ગઝલોમાં ઉપદેશાત્મક કથન વ્દારા નર્મદની સંબોધનાત્મક શૈલી વ્દારા ગઝલનો ઉપાડ આ પ્રમાણે છે:

...........

[38] એજન પૃ. ૪૬

[39] એજન પૃ. ૪૭

[40] એજન પૃ. ૨૭

[41] એજન પૃ. ૨૬

[42] એજન પૃ. ૬૭

"ઓ લોક રે સંસારના. ડહાપણ તમારું દાટજો. [43]

આશકનો એકરાર" ગઝલમો ઉપાડ પણ સંબોધન દ્વારા કરવામાં આવ્યો છે જુઓ:

"અયે દિલબર. દીવાનાને દિલે કૈં દાગ લાગ્યો છે." [44]

"દિલબરને" ગઝલનો ઉપાડ પણ આના જેવો જ છે:

માલેક ઓ આલમ તણી. જહાં બંદગી તારી કરે. [45]

નાટ્યાત્મક ગતિ દ્વારા ગઝલનો ઉપાડ "સાગર" ની વિશિષ્ટ શૈલીનો નમૂનો દર્શાવે છે. નાટ્યાત્મક ઉપાડમાં ક્રિયા-વેગનું પ્રમાણ સવિશેષ હોય છે. "ખરેખર ભૂલ એ મારી" માં નાટ્યાત્મક ઉપાડ આ પ્રમાણે છે:

"ગયો ઉત્સુક હીનભાગી ચમનમાં ઢૂંઢવાને ગુલ" [46]

"સાગર" ની પ્રથમ ગઝલ ઉદગારમાં પ્રબળ ઊર્મીના આલેખન દ્વારા કરેલા ઉપાડ પર "કલાપી" ની સ્પષ્ટ અસર છે. જુઓ:

"હવે હૈયે ન સહેવાયે કરૂં વિનતિ અનિચ્છાએ" [47]

## શૈલી

"સાગર" ની પ્રારંભકાલની ગઝલોની શૈલીમાં સંસ્કૃત અને ગુજરાતી શબ્દોનું મિશ્રણ સવિશેષ છે. તેમ છતાં ફારસી શબ્દો પણ તેના યોગ્ય અર્થના સંદર્ભમાં સવિશેષ પ્રમાણમાં પ્રયોજ્યા છે. ગઝલોમાં લોકબોલીના ઘરગથ્થુ શબ્દો, કહેવતો અને રુઢિપ્રયોગો "સાગરે" ઠીક ઠીક પ્રમાણમાં વાપર્યા છે. પરિણામે ગઝલોનું ફારસી વાતાવરણ તે જમાવી શક્યા નથી.

...........

[43] એજન પૃ. ૨૮

[44] એજન પૃ. ૫૧

[45] એજન પૃ. ૪૫

[46] એજન પૃ. ૨૫

[47] એજન પૃ. ૧૯

અરેરે! હા! જેવા ઉદ્ગારો અનેકવાર ગઝલોમાં પ્રયોજ્યા છે. જેના પરિણામે સચોટતા આવી શકથી નથી. મનુજ, વિફલ, ગૃહ, સત્શાસ્ત્ર, શૂન્ય, હિત જેવા સંસ્કૃત શબ્દોની સાથે અનિચ્છા, વ્હાલાં, ઠાલાં, લલાટ, પોથાં, મલમ, માનવશિરોમણિ, બોધલાં, કુમળાં, જોડતાં, ભાલાં, કજિયા, ડિંડિમ જેવાં જેવાં ધરગથ્થુ કે કઠોરવર્ણવાળા શબ્દો પ્રયોજ્યા છે.

"ચડયું આ ચિત્ત ચકડોળે", "ન સંસારે ઠગો માપું" "ભલે ગૃહ જંગલે સ્થાપું" "ભ્રમણ વમળે ચડું શાને?" "હવે આ જિંદગી જહન્નમ" જેવાં રૂપકો સામાન્ય છે

અરેરે માત્ર કહેવાના, હવે હૈયે ન સહેવાયે, નથી વિશ્વાસ વ્યવહારે, લલાટે જે લખાવેલું, પ્રભુ વિણ કોણ છે મારે, જતો નથી જંગલે ચાલ્યો.

હૈયે હમારે હોળીઓ સળગે, જે થઇ ગયા તે થઇ ગયા. જે જે હતું તે તે હતું, ત્યારે કરે શું બાપડા? ત્યાં શાસ્ત્રને બાઝી પડો, મૂએલા ઢોરનાં ચર્મો, ખરે આ તો બધા કાજ્યા, નથી વેપાર કરવાનો, જેવા સામાન્ય શબ્દ પ્રયોગોને પરિણામે ગઝલનું પોતાનું આગવું વાતાવરણ તે સર્જી શકયા નથી. "સાગર" ની પ્રારંભકાલની ગઝલોની આ એક મર્યાદા છે.

દંભ, વિશ્વાસ, ઉત્સુક, ચમન, ગુલ, આલમ, ફના, ગમી, ઝબેહ, સિતાબી લ્યાનત, પરેશાની, દિલબર, દોઝખ, લ્યાનત, તાસિર, સીનો, મહબૂબ, મિસ્કીન, ફિદવી, મર્જી, ઝિદ્દી, આવેશ, ઉલ્ફત, મુરાદ, લાઝિમ, વસ્લ, નિગાહ , અનલહકક, મીનોઇનૂર, અનજાન, ખ્વાબ, ખિલાફી, માશૂક, ઇતબાર, ખફા, સફા, દાગ, ગમગીન, હુસ્ન, મરહમ, જિગર જેવા ફારસી શબ્દો પુષ્કળ પ્રમાણમાં છે જે "સાગર" ના ફારસી સાહિત્યના અભ્યાસની અસરનું જ પરિણામ છે.

## સૂફી પરિભાષા

ફારસી સૂફી પરિભાષાના શબ્દો, મહબૂબ, સનમ, ફના, અનલહકક, મીનોઇનૂર, જેવા શબ્દો પણ "સાગર" ની સૂફીશાહી ઇબારતનું એક વિશિષ્ટ લક્ષણ છે.

"સાગર" ની ગઝલોનાં રૂપકો ને દૃષ્ટાંતો- ચિત્ત ચકડોળે, ભ્રમણવમળ, મૂએલા ઢોરના ચર્મો, હોમમાં હોમી દીધેલું હેત, રૂપકો તેમજ દૃષ્ટાંતો- જમીન પર ચાલવાની તાકાત ન હોય છતાં અસ્માનના દડા ફેંકવાનું દૃષ્ટાંત- કિલ્લા જમીં દોસ્ત થયાનું દૃષ્ટાંત, દર્દ મિટાવે તેવો હકીમ જહાંમાં નથી. લાંબો હાથ કરી ભાષણો કરનારના આચરણમાં શૂન્યતા, બુલબુલો ને કાગ, આફતાબ ને ચશ્મહીન, શેરને રોઝ, મેના અને ઘુવડના કજોડાંના દૃષ્ટાંતો, પોતાને રુચતું ન આવે તો ચક્ષુહીન થનારનું દૃષ્ટાંત, મરેલા ઢોરનાં ચર્મો, ને રીઝાવનાર પરંતુ જીવતા માનવીઓને રિબાવનારનું દૃષ્ટાંત- વ. જનસમાજનું "સાગર" નું ઊંડું જ્ઞાન દર્શાવે છે. "ચમન" અને "ગુલ" "બદનબદી" અને "મીનોઇ નૂર" કલ્પનાના હવાઇ કિલ્લા, જિંદગી જહન્નમ, જિંદગીને ઝબેહ કરવાની ભાવના, સંસારેને વ્યવહારને દોઝખમાં ફેંકી દેવાની ભાવના, અનલહકક અને સનમની રહમની ભાવના, દિલબરના નૂરના દર્શનની ભાવના- ફારસી સાહિત્યની સ્પષ્ટ અસરનું પરિણામે છે.

<u>ગઝલોમાં પ્રાસયોજના</u>:

"સાગરે" પોતાની ગઝલોમાં કેટલીક જગાએ માત્ર અંત્યાનુપ્રાસ જાળવ્યા છે તો બીજી તરફ "રદીફ કાફિયા" માં માત્ર રદીફ જાળવ્યા છે., કાફિયા જાળવ્યા નથી. પરંતુ સામાન્યરીતે એમણે અંત્યાનુપ્રાસ જ જાળવવાનો પ્રયત્ન કર્યો છે. પ્રથમ ગઝલ "ઉદગાર" માં અનુપ્રાસ જાળવ્યો નથી. જુઓ:

જૂઠાં ઠાલાં　　　　રજા માંગુ
માત્ર કહેવાનાં　　　　લખાવેલું.

— ઉદગાર [૪૮]

"ખરેખર ભૂલ એ મારી" માં અંત્યાનુપ્રાસ પણ જાળવ્યો નથી. જુઓ:

ઢૂંઢવાને ગુલ　　　　હું ફેંકુ છું
ખરેખર ભૂલ એ મારી　　　　ભૂલ એ મારી

— ખરેખર ભૂલ એ મારી [૪૯]

...........

[૪૮] એજન પૃ. ૧૯

[૪૯] એજન પૃ. ૨૫

"હમારી પરેશાની" માં તેમજ "હું શું લખું?"અને "પડઘમ" ગઝલોમાં પણ અંત્યાનુપ્રાસ જાળવ્યો નથી.

મલમ માગે    દર્દ આ એવો    તર્ક ના જોશો
વાત કહેશો ના  બોલ શા લખવા    હમારી છે.
હમારી પરેશાની[૫૦]

ફેંકી દીધા    બે ચાર છે    કે હોય તો,
સંભાળજો    તૈયાર છું    ફિદવી છીએ.
હું શું લખું.[૫૧]

તમારું દાટજો    ખોટું ખરું    બાઝી પડો
કરજો ફના    એકરાર કરાવતા  થતાં તમે
-"પડઘમ"[૫૨]

"આશક નો એકરાર" ગઝલમાં રદીફ જાળવવાનો કોઇ કોઇ જગાએ પ્રયત્ન છે જુઓ-

બધા બેઝાર છે.
વસ્લ ઇંતેઝાર છે.
- "આશક નો એકરાર"[૫૩-૧]

જોયા નહીં    દૈવી મોરલાને
સૂણ્યો નહીં    થાવું છે, ગાવું છે.
- "હમારા ખયાલ"[૫૪]

............

[૫૦]એજન પૃ. ૧૬

[૫૧]એજન પૃ. ૨૭

[૫૨]એજન પૃ. ૨૮

[૫૩]એજન પૃ. ૪૫

[૫૪]એજન પૃ. ૬૭

 ૧૯

પતાવાની      બતાવી દે
બતાવાની      જલાવી દે

દિલબરને [૫૫]

ગઝલની બેતમાં, પ્રાસ યોજનામાં કેટલીક વાર ૪થું ચરણ એકસરખું રાખવાનો પણ "સાગરે" પ્રયત્ન કર્યો છે.

ગયો ઉત્સુક હીનભાગી, ચમનમાં ઢૂંઢવાને ગુલ
હશે ત્યાં ખાર ના જાણ્યું, ખરેખર ભૂલ એ મારી [૫૬]

આ પંક્તિઓનું ચોથું ચરણ "ખરેખર ભૂલ એ મારી" નું આખી ગઝલમાં પુનરાવર્તન છે.

"સાગર" ની ગઝલોમાં વર્ણના પુનરાવર્તનને પરિણામે શબ્દનું લાલિત્ય નોંધપાત્ર છે. જે પાછળની ગઝલોમાં ચરમ સીમાએ પહોંચે છે જુઓ:

૧. ચડયું આ ચિત્ત ચકડોળે      ૨. ક્ષમા માગું દયા માગું બધું ત્યાગું રજા માગું
૩. હસીને હોંસમાં હરદમ      ૪. ગણતા છતાં કરતા નહીં ડરતાં છતાં મરતાંનહી
૫. મસ્તાન પણ મહબૂબના મિસ્કીન   ૬. નાદાનિયત, વેહલ હેવાનિયત,
ઇન્સાનિયત એ છે નહીં      ૭. એ દામણાં દિલ દાઝતાં
૮ ને દમબદમ તુજ દમ થકી હરદમ બહુ હુંશિયાર છે.  ૯, મારા
ગુનાહની ગમગીનીમાં હું હવે ગમખ્વાર છું.  ૧૦. તાકાત તારી તાબેદારીમાં,
દાખિલ થવા   ૧૧. અને દિલબર! દીવાનાને દિલે કૈં દાગ લાગ્યો છે.
૧૨. ખફા થા કે, સફા કરતું,હવે ઇતબાર રાખ્યો છે.
૧૩. બદલકર આ દહર કે કર દફન કબરે દીવાનાને

શબ્દોનું પુનરાવર્તન પણ શબ્દલાલિત્યમાં કેટલીકવાર ખાસ ધ્યાન ખેંચે છે જેને પરિણામે અર્થગાંભીર્ય પણ સાધી શકાય છે, જુઓ:

હવે આ જિંદગી જહન્નમ, અરે હમને ય હો લ્યાનત
હમે બેઝાર રોવાના. હમે બેઝાર રોવાના. [૫૭]

...........

[૫૫] એજન પૃ. ૫૧

[૫૬] એજન પૃ. ૨૫

[૫૭] એજન પૃ. ૨૬

કહીં છે? આવશે કયારે? બતાવી દે બતાવી દે.

— દિલબરને[૫૮]

કોઇ વાર અંત્યાનુપ્રાસને કારણે પણ "સાગર" શબ્દલાલિત્ય સાધી શકયા છે. જુઓ:

પ્રેમની પર્વા કરે દિલમાં ન કૈ તંગી
દંગો ઉઠાવે હકકનો. આહાલેક નું દંગી..

— સ્નેહનું સંગી[૫૯]

ગઝલોમાં ચિત્રાત્મકતા

"સાગર" ની ગઝલોમાં વિશિષ્ટ તત્વ — ચિત્રાત્મકતાની છાંટ પ્રારંભકાલની ગઝલોમાં પણ જોઇ શકાય છે, જુઓ:

ક્ષમા માંગુ, દયા માંગુ, બધું ત્યાગું, રજા માગું
અને બસ એ જ અજમાવું, લલાટે જે લખાવેલું.[૬૦]

ગયો ઉત્સુક હીનભાગી, ચમનમાં ઢૂંઢવાને ગુલ-
હશે ત્યાં ખાર ન જાણ્યું, ખરેખર ભૂલ એ મારી[૬૧]

લાંબા કરી કર ભાષણો, કરતાં છટાથી જોરથી.
પણ શૂન્ય કૃતિઓમાં દિસે, તો એ બધું શા કામનું.[૬૨]

...........

[૫૮]એજન પૃ. ૫૧

[૫૯]એજન પૃ. ૬૭

[૬૦]એજન પૃ. ૨૦

[૬૧]એજન પૃ. ૨૫

[૬૨]એજન પૃ. ૨૮

જયાં રુચતું આવે તમે ત્યાં શાસ્ત્રને બાઝી પડો.
જયાં ફાવતું આવે નહીં, ત્યાં ચશ્મહીન થતાં તમે.

o o o

બહેરા થયા માલુમ છતાં પડઘમ નકામું ઠોકતો[63]

o o o

દિલ દાઝતું કૈ શેરને કૈ રોઝ સાથે દેખીને.
જોડાયેલી મેના ઘણી, જોવાય ઘુવડ સંગમાં.[64]

ગઝલોમાં શબ્દશ્લેષ પણ અર્થગાંભીર્યમાં સહાયકારક નીવડે છે. જુઓ:

આ દેશના આ વેષ થી, આવેશ કૈ આવે નહીં.[65]

"સાગર" ની ગઝલો પર પૂર્વગામી ગઝલકારોની અસર

"સાગર" ની પ્રારંભની ગઝલો પર મુખ્યત્વે "કલાપી" ની પ્રબળ અસર છે.[66]

થોડે ઘણે અંશે "બાલ" અને મણિલાલની પણ અસર છે. વિષયોને વિચારોની બાબતમાં "કલાપી" સાથેનું "સાગર"નું સામ્ય જોઇ શકાય છે. અંદરનું મનોમંથન-આંતરવિગ્રહ "સાગર" માં પણ "કલાપી" ના જેવો જ છે.

નીચેની પંકિતઓમાં "કલાપી" ના વિચારો સાથેનું સામ્ય જોઇ શકાય છે.

૧. અને બસ. એ જ અજમાવું, લલાટે જે લખાવેલું.[67]
કર્યો સોદો હવે ફીટ્યો લલાટે જે લખેલું એ.[68]

...........

[63]એજન પૃ. ૩૧

[64]એજન પૃ. ૩૦

[65]એજન પૃ. ૨૯

[66]જુઓ "કલાપી" નો મહા નિબંધ - ઇન્દ્રવદન કા. દવે પૃ. ૫૫૫-૫૫૬

[67]દીવાને સાગર -૧, ૨૦

[68]કલાપીનો કેકારવ પૃ. ૨૫૨

૨. ઉથામ્યાં પ્રેમનાં પોથાં. ખરેખર ભૂલ એ મારી.[૬૯]
કિતાબો ઇશ્કની ખોળી, ઉથામ્યાં પ્રેમનાં પોથાં.[૭૦]

૩. અજાણી લાઇલાઝીના! છતાં નિશ્વાસ આ મારા,
હવામાં હું ગુમાવું છું! ખરેખર ભૂલ એ મારી[૭૧]
હવે આ ગીત ગાઉં છું. હવાને હું સુણાવું છું.[૭૨]

૪. ઘણી પૂતળી અમે દિલમાં. ફના થઇ! હા! હવે મૌલા[૭૩]
ફના ઇશ્કે સદા થાતાં, હવે હું આજ પરવાર્યો
મ્હેં પૂતળી કૈં છે ઘડી દિલમાં હજારો હોંશથી[૭૪]
એ પૂતળી જેને ગણી તેનો થયો હું બાવરો.[૭૫]

૫. હકક તો અનલહકક એક છે, ખુલ્લી સનમ ખેલે જહીં[૭૬]
માયિક પ્રેમ તરછોડી અનલહકકનો તું કર દાવો.[૭૭]

૬. જમીં પર ચાલવા તાકાત નહીં તો ચેહું ફેંકું છુ.
દડા અસ્માનમાં મારા. ખરેખર ભૂલ એ મારી[૭૮]
જહીં સ્પર્ધા ઘણી જગની દખલ ના પહોંચતી ત્યાં ત્યાં
જમીને આસમાનોના દડા ઉડાવનારાઓ[૭૯]

...........

[૬૯]દીવાને સાગર-૧ પૃ.૨૫

[૭૦]કલાપીનો કેકારવ પૃ. ૧૧

[૭૧]દીવાને સાગર-૧ પૃ. ૨૫

[૭૨]કલાપીનો કેકારવ પૃ. ૨૮૩

[૭૩]દીવાને સાગર- ૧ પૃ. ૨૬

[૭૪]કલાપીનો કેકારવ પૃ. ૪૩૪

[૭૫]એજન પૃ. ૨૦૬

[૭૬]દીવાને સાગર -૧ પૃ. ૪૬

[૭૭]કલાપીનો કેકારવ પૃ. ૧૧

૭૮ દીવાને સાગર ૧ પૃ. ૨૫ ૭૯ કલાપીનો કેકારવ - પૃ.૪૫૩

નીચેની પંકિતઓ મણિલાલની સાથે સરખાવો:

૧. તુજ વસ્લ કાજ મુકામ આ તેં ખેલવા કીધો ચમન,
ત્યાં કાયદા, કાનૂન પઢાવી, મોકલ્યો મુજને સનમ[૮૦]

જુદાઇ ઝીંદગીભરની, કરી રો રો બધી કાઢી,
રહી ગઇ વસ્લની આશા અગર ગરદન કપાઇ છે.[૮૧]

૩. આ ચશ્મ ગુલ જૂઠાં બતાવી, બદનબદીમાં દોરતાં,
તું તે કરી દૂર પૂર નૂર મીનોઇ આ મુજ ચશ્મમાં[૮૨]

જાણે ન જામે ઇશ્કની મઝા મીનોઇને
નિંદો તે ઇશ્કબાજને કરી કહીં કહીં[૮૩]

૪. હસીને હોંસમાં હરદમ, મીઠાં કૈં ગીત ગાઇશું:
નિરાશા એ ગણી આશા. ખરેખર ભૂલ એ મારી[૮૪]

કહીં લાખો નિરાશામાં અમર આશા છૂપાઇ છે
ખફા ખંજર સનમનામાં રહમ ઉંડી લપાઇ છે.[૮૫]

<u>સૂફી તરીકે "સાગર" ના વિશિષ્ટ લક્ષણો</u>:

૧. <u>પ્રભુપ્રાપ્તિ માટે મંથન</u>:

"સાગર" ની પ્રારંભકાળની ગઝલોમાં પ્રભુપ્રાપ્તિ માટેનું મંથન ખૂબ તીવ્રપણે વ્યકત થયું છે.

...........

[૮૦] દીવાને સાગર-૧ પૃ. ૪૫

[૮૧] "અમર આશા" પૃ. ૨૬૪ મણીલાલ શતાબ્દી ગ્રંથ સંપાદકો: ડો. રણજિત પટેલ
પ્રો. રામચંદ્ર પંડયા

[૮૨] દીવાને સાગર ૧ પૃ. ૪૫

[૮૩] આત્મનિમજ્જન પૃ. ૨૭

[૮૪] દીવાને સાગર-૧ પૃ. ૨૫

[૮૫] આત્મનિમજ્જન - અમર આશા પૃ. ૨૬૪ મણિ-લાલ શતાબ્દી ગ્રન્થ

વ્યકત થયું છે.

૧. જૂઠો આ દમ્ભ સૌ ભાસે. નથી વિશ્વાસ વ્યવહારે.
ભ્રમણ વમળે ચડું શાનો પ્રભુ વિણ કોણ છે મ્હારે.[૮૬]

૨. ઘડી પૂતળી અમે દિલમાં. ફના થઇ. હા. હવે મૌલા.
હમે હિઝરાઇ મરવાના. છતાં એ વાત કહેતા ના. [૮૭]

૩. દિલ્બર પરેશાની હમારી ને હમે એના થયા.
માનીએ રાહત હંમેશા એ નવી તાસીર છે.[૮૮]

૪. છે યારીની ખ્વાહિશ, સનમ. તો યે અરજ કરનાર છું,
ઇન્સાફમાં માર્યો જઉં, હું નિગાહ થકી જીવનાર છું. [૮૯]

૫. આશક અને માશૂકની વચ્ચે દીવાલો છે ખડી.
જમીદોસ્ત એ કરવા રહમ, ઇન્સાફ ના, માગું ઝૂકી.[૯૦]

૬. લાચાર તારી જુદાઇના, દર્દો બધા બેઝાર છે.
તુજ આશકો આશાભર્યા કંઇ વસ્લ ઇંતેઝાર છે.[૯૧]

...........

[૮૬] દીવાને સાગર-૧ પૃ. ૨૦

[૮૭] એજન પૃ. ૨૬

[૮૮] એજન પૃ. ૨૭

[૮૯] એજન પૃ. ૪૬

[૯૦] એજન પૃ. ૪૬

[૯૧] એજન પૃ. ૪૫

૨. <u>માયાના આવરણ માટે પશ્ચાતાપ</u>:

પ્રારંભકાળની ગઝલોનું એક વિશિષ્ટ લક્ષણ, "સાગરનો અશ્રુયોગ" છે. પરમાત્મ પ્રાપ્તિ માટે હરિવિરહનું દર્દ અને માયાના આવરણ માટે આશક જિગરનો પશ્ચાતાપ સ્પષ્ટ જોઇ શકાય છે. જુઓ:

૧. સગાં સંબંધીઓ વહાલાં: બધાં બહાનાં જૂઠાં ઠાલાં,
પિતા,માતા,પતિ, પત્ની.અરેરે માત્ર કહેવાના[૯૨]

૨. જીવનમાં ઝેર ભેળાયું! અભાગી તો ય જીવું છું.
તજાતું ના! મરાતું ના. ખરેખર ભૂલ એ મારી.[૯૩]

૩. ભૂલો હું આ પિછાનું છું! છતાં આ આલમે રહું છું.
જતો નથી જંગલે ચાલ્યો. ખરેખર ભૂલ એ મારી.[૯૪]

૪. અરે! કિસ્મત! શિતાબીથી, ઝબેહ કર ઝિંદગી મારી.
હયાતી. તું ખતમ થઇ જા. મજા છે ના અહીં તુજને.[૯૫]

૫. હવે આ જિંદગી જહન્નમ, અરે હમને ય હો લ્યાનત.
હમે બેઝાર રોવાના. હમે બેઝાર રોવાના.[૯૬]

૬. હું શું લખું? શાને લખું? કોને લખું? લાચાર છું.
દરિયાવ આંસુના સીના પર રાખીને ફરતો ફરું.[૯૭]

૭. મારા ગુનાહની ગમીગીનીમાં, હું હવે ગમખ્વાર છું.
ને રેડવા તું માં જિગર આ, હું હવે તૈયાર છું. [૯૮]

...........

[૯૨] એજન પૃ. ૧૯

[૯૩] એજન પૃ. ૨૫

[૯૪] એજન પૃ. ૨૫

[૯૫] એજન પૃ. ૨૬

[૯૬] એજન પૃ. ૨૬

[૯૭] એજન પૃ. ૨૭

[૯૮] એજન પૃ. ૪૬

૮. આ સરમ ગુલ જૂઠાં બતાવી, બદનબ્બદીમાં દોરતાં
તુંતે કરી દૂર પૂર નૂર મીનોઇ આ મુજ ચશ્મમાં.[૯૯]

૯. રહું છું દીનને ગમગીન! પરીના ગૌરમાં ઘૂમું.
સબૂરી યે ગુમાવું છું. કહીં એ હુસ્નને ચૂમું.[૧૦૦]

૧૦. હજી તીણી અણી ભાલા તણી ભોંકયા કરે શાને?
બદલ કર આ દહર કે કર દફન કબરે દીવાનાને.[૧૦૧]

"સાગર" ની પ્રારંભકાલની ગઝલોમાં જીવનની કરુણતાનું સચોટ આલેખન અને પ્રભુમાં દૃઢ શ્રધ્ધાને વિશ્વાસનું પણ નિરૂપણ છે. કેટલીક પંકિતઓમાં હરિ-વિરહનું દર્દ અને આદર્શે પહોંચવાની તીવ્ર તમન્ના પણ સ્પષ્ટ જોઇ શકાય છે.

૩. <u>જીવનની કરુણતાનું આલેખન</u>:

પોતાના સગાંસંબંધીઓ સાથેના માયિક પ્રેમનો પોતાનો અનુભવ "ઉદ્ગાર" ગઝલમાં વ્યકત કરતાં "સાગર" કહે છે કે:

સગાં, સંબંધીઓ વહાલાં: બધાં બહાનાં જૂઠાં ઠાલાં.
પિતા, માતા, પતિ, પત્ની! અરેરે! માત્ર કહેવાનાં.[૧૦૨]

વ્યાવહારિક જગતની દાંભિકતામાં "સાગર" ને વિશ્વાસ નથી. જીવન જીવવું અકારું થઇ પડયું છે છતાં હૃદયની નિર્બળતાને પરિણામે તેને છોડી શકાતું નથી.

...........

[૯૯] એજન પૃ. ૪૬

[૧૦૦] એજન પૃ. ૫૧

[૧૦૧] એજન પૃ. ૫૧

[૧૦૨] એજન પૃ. ૧૯

તેની વ્યથાનું નિરૂપણ કરતાં "સાગર" "ખરેખર ભૂલ એ મારી" ગઝલમાં કહે છે કે:

જીવનમાં ઝેર ભેળાયું. અભાગી તો ય જીવું છું.
તજાતું ના! મરાતું ના! ખરેખર ભૂલ એ મારી[૧૦૩]

ફારસી સાહિત્યના ચમન અને ગુલના પ્રતીક વડે સમજાવતાં "સાગર" કહે છે કે- પોતાના સંબંધીઓ સાથેનો પ્રેમ મને પ્રાપ્ત થયો નહીં, પરંતુ તેમની પાસેથી માત્ર કટુતા જ સાંપડી.

ગયો ઉત્સુક હીનભાગી, ચમનમાં ઢૂંઢવાને ગુલ:
હશે ત્યાં ખાર ના જાણ્યું. ખરેખર ભૂલ એ મારી.[૧૦૪]

જગતની અને જગતના વ્યાવહારિક જીવાત્માઓ સાથેના સંબંધની હૃદય ઉપર થયેલી વિપરીત અસરને પરિણામે સર્જાયેલી કરુણતા- હૃદયવ્યથા.- નીચેની પંક્તિઓમાં યથાર્થરીતે વ્યકત થઇ છે.

ભૂલો હું આ પિછાનું છું! છતાં આ આલમે રહું છું.
જતો નથી જંગલે ચાલ્યો. ખરેખર ભૂલ એ મારી. [૧૦૫]

પરિણામે પોતાના જીવનનો અંત આણવાની પોતાના કિસ્મતને સૂચના કરતાં "સાગર" નિરાશામાં સરી પડે છે:

અરે! કિસ્મત! શિતાબીથી, ઝબેહ કર જિંદગી મારી.
હયાતી. તું ખતમ થઇ જા! મજા છે ના અહીં તુજને.[૧૦૬]

...........

[૧૦૩]એજન પૃ. ૨૫

[૧૦૪]એજન પૃ. ૨૫

[૧૦૫]એજન પૃ. ૨૫

[૧૦૬]એજન પૃ. ૨૬

હવે આ ઝિંદગી જહન્નમ. અરે હમને ય હો લ્યાનત.
હમે બેઝાર રોવાના. હમે બેઝાર રોવાના.[107]

## ૪. હરિ-વિરહનું દર્દ:

જગત પ્રત્યેનો વિરાગ પરમાત્મા પ્રત્યેના રાગમાં પરિણમતાં હરિવિરહનું દર્દ પણ "સાગર" ની કેટલીક ગઝલોમાં નિરૂપાયું છે. ઇશ્કે હકીકીમાં ફના-આત્મસમર્પણની ભાવના મુખ્ય હોઇ "સાગરે" પણ તેમની "આશકનો એકરાર" ગઝલમાં તેનો નિર્દેશ કરતાં કહ્યું છે કે:

હકક તો અનહકક એક છે, ખુલ્લી સનમ બેલે જહીં.[108]

આશકની માશૂક માટેની ઝંખનાનું નિરૂપણ સુંદર પંકિતઓમાં કરવામાં આવ્યું છે. જુઓ:

આશક અને માશૂકની વચ્ચે દીવાલો છે ખડી,
અમી દોસ્ત એ કરવા રહમ, ઇન્સાફના, માગું ઝૂકી [109]

સનમની કૃપા વિના આશક ઇશ્કે હકીકીને માર્ગે પ્રયાણ કરી શકે તેમ નથી. જયાં સુધી જગતને સાચું માની તેની સાથેના સંબંધોનો ત્યાગ કરવામાં ન આવે ત્યાં સુધી સનમની મીઠી નજર પ્રાપ્ત થઇ શકે નહીં.

આ ખ્વાબ માની શસ્ત હું, ખિલાફીમાં રાજી રહો
તારી નજર મીઠી વગર, તેનો વસીલો ના બીજો.[110]

...........

[107] એજન પૃ. ૨૬

[108] એજન પૃ. ૪૬

[109] એજન પૃ. ૪૬

[110] એજન પૃ. ૪૭

આશકની દેહદૃષ્ટિનો વિલય થતાં – આત્મપ્રેમના માર્ગે પ્રયાણ કરતાં મીનોઇનૂર પ્રાપ્ત થઇ શકે છે- પરમાત્મપ્રેમનું જ્યોતિ મેળવી શકાય છે. જુઓ:

આ ચશ્મ ગુલ જૂઠાં બતાવી, બદનબંદીમાં દોરતાં
તું તે કરી દૂર પૂર મીનોઇ આ મુજબ ચશ્મમાં.[111]

૫. આદર્શે પહોંચવાની તીવ્ર તમન્ના:

હરિવિરહના દર્દની ઉત્કટતાનું આલેખ સ્વાભાવિક રીતે જ એમના પરમાત્મા પ્રાપ્તિના આદર્શે પહોંચવાની તીવ્ર તમન્નાનું સૂચન કરે છે. પ્રથમ ગઝલ "ઉદ્‌ગાર" માં "સાગર" ની લક્ષ્યબિન્દુ તરફની ગતિની તીવ્રતા નીચેની પંક્તિઓમાં સ્પષ્ટ દેખાય છે.

ક્ષમા માગું: દયા માગું: બધું ત્યાગું, રઝા માગું.
અને બસ! એજ અજમાવું, લલાટે જે લખાવેલું.[112]

"આશકનો એકરાર" ગઝલમાં સનમને પોતાનો જીવનસાગર મીઠો બનાવવા – સનમ સાથેના ઐક્યનો સ્વાનુભવ કરાવવા વિનવે છે.

કરી બેવફાઇ બધી ખતમ. મુજ નેકીમાં લઇ જા કદમ
સાગર બધો ખારો ભર્યો, કરજે મીઠો તું, ઓ સનમ.[113]

માશૂકને પોતાનું મીનોઇનૂર બતાવવા- સનમ સાથેના અદ્વૈતાનુભવની પ્રાપ્તિ કરાવવા માટેની તીવ્રતમન્ના રજૂ કરતાં નીચેની પંક્તિઓમાં "સાગર" આત્મસમર્પણની અંતિમ સ્થિતિ આ પ્રમાણે દર્શાવે છે.

...........

[111] એજન પૃ. ૪૬

[112] એજન પૃ. ૨૦

[113] એજન પૃ. ૪૭

કહીં છે? આવશે કયારે? બતાવી દે! બતાવી દે!
અગર મારું કફન કે આ બદન, માશૂક જલાવી દે.[૧૧૪]

ઇ.સ. ૧૯૦૭ ની આ ગઝલ "દિલબરને" પછી લખાયેલી ગઝલોમાં "સાગરે" ઇશ્કે હકીકી- પરમાત્મપ્રેમ જ ગાયો છે. "સ્નેહનું સંગી" ગઝલમાં પણ આત્મસમર્પણની વ્યકત થયેલી ભાવના આશક જિગરની, આદર્શે પહોંચવાની તીવ્ર આતુરતાની પ્રતીતિ કરાવે છે.

હોમમાં હોમી દીધેલાં હેત પતંગી
આંખો મીંચી ચાલ્યા કરે, પ્રિયનું અનુષંગી
પ્રેમની પર્વા કરે: દિલમાં ન કૈં તંગી:
દંગો ઉઠાવે હકકનો! અહાલેકનું દંગી![૧૧૫]

૬. <u>પ્રભુ સાથેના વિરહનાં દર્દની મસ્તી</u>:

પ્રભુ સાથેના વિરહના દર્દને પરિણામે જગત પ્રત્યેની લાપરવાહી અને તેને પરિણામે પ્રગટેલી ખુમારી- મસ્તીનું-"હું શું લખું?" "હમારી પરેશાની" અને "હમારા ખયાલ" જેવી ગઝલોમાં દર્શન થાય છે.

મસ્તી હમોને વા'લી છે. મસ્તી તમે સમજો નહીં.
તમને તલબ છે કે નહીં, તેનું હમારે કૈં નહીં.[૧૧૬]

હમારી સલ્તનત જુદી. હમે સુલ્તાન કૈં જુદા.
હમારું તખ્ત અદ્ધેર છે, હવામાં હીંચકા ખાતું![૧૧૭]

...........

[૧૧૪]એજન પૃ. ૫૧

[૧૧૫]એજન પૃ. ૬૭

[૧૧૬]એજન પૃ. ૨૭

[૧૧૭]એજન પૃ. ૨૬

સનમના પ્રેમનો નશો આશક જિગરને ફના થઇ જવાની- સર્વસ્વ સમર્પણ કરવાની ફરજ પાડે છે અને જિગરને પ્રભુપ્રેમનો નવો રંગ લાગવા માંડે છે.

પીધો રસ સ્નેહવલ્લીનો. નશો કૈં ઓર કીધો છે.
જિગરને રંગ નવરંગી, અસલ ખૂબીદાર દીધો છે.[११८]

૭. જગતની દાંભિકતા પર કટાક્ષ- બાહ્યાડંબર પ્રકોપ:

જગતની સાથેના સંબંધોને પરિણામે "સાગર" ને સ્પષ્ટ સમજાય છે કે જગત અને જગતના વ્યાવહારિક સંબંધો માયિક છે. એકમાત્ર પરમાત્માના પ્રેમ સિવાય અન્ય સંબંધો મિથ્યા છે. પરમાત્મા પ્રત્યેનો પ્રેમ જ પ્રાપ્ત કરવા યોગ્ય છે અને તે માટે જગતના સંબંધોનો ત્યાગ અનિવાર્ય છે.

જગતમી દંભ સિવાય બીજા કશાની પ્રતીતી થતી નથી. જુઓ:

જૂઠો આ દંભ સૌ ભાસે. નથી વિશ્વાસ વ્યવહારે.
ભ્રમણ વમળે ચડું શાને? પ્રભુવિણ કોણ છે મ્હારે?[११૯]

જગતની નીતિની કુટિલતા દર્શાવતાં "સાગર" કહે છે કે:

અનુસરું તો ગમું સૌને! હું દુ:ખી તો ન કોઇને
જગતમાં જોઇ એ નીતિ. ફસાવું શું ત્યાં મોહીને?[१२०]

પરિણામે "સાગર" સંસાર અને વ્યવહારનો ત્યાગ કરવા કહે છે.

સંસારને વ્યવહારને, દોઝખ મહીં ફેંકી દીધા.
વ્હાલાં બહુ જો હોય તો, જાતે તમે સંભાળજો.[१२१]

...........

[११८] એજન પૃ. ૭૪

[११૯] એજન પૃ. ૨૦

[१२०] એજન પૃ.૧૯

[१२१] એજન પૃ. ૨૭

જગતના રિવાજો માત્ર રૂઢિની જડતાની જ પ્રતીતિ કરાવે છે. દુ:ખદેણ કાયદાઓ હોવા છતાં શાણા પુરુષો પણ તેને અટકાવી શકતા નથી. જુઓ:

શાને તમે શાણાં છતાં આવા જુલમ ગુજારતા?
જે કાયદા દુ:ખદેણ છે, તે કેમ ના અટકાવતા?[૧૨૨]

રૂઢિની જડતા હોવા છતાં તેમાં પણ દંભ જ સ્પષ્ટ દેખાય છે. શાસ્ત્રના ઓઠા નીચે પોતાને મનગમતું કરવાનું બહાનું શોધાય છે અને જયાં શાસ્ત્ર ઇન્કાર કરે ત્યાં પણ છટકવાનું જ બહાનું શોધાય છે. આ બાહ્યાડંબર અને જગતની દાંભિકતા પર કટાક્ષ કરતાં "સાગર" કહે છે કે:

જયાં રુચતું આવે તમે ત્યાં શાસ્ત્રને બાઝી પડો.
જયાં ફાવતું આવે નહીં, ત્યાં ચશ્મહીન થતા તમે.[૧૨૩]

આવી દાંભિકતા પર "સાગર"નો પ્રકોપ "પડઘમ" ની છેલ્લી પંકિતઓમાં આ પ્રમાણે વ્યકત થયો છે.

બહેરા થયા માલૂમ છતાં પડઘમ નકામું ઠોકતો.[૧૨૪]

જગતની પ્રબળ ઉપેક્ષા "સાગર" ની પ્રા રં ભ કા ળ ની ગઝલોમુ પ્રેરક બળ હોઇ જગત પ્રત્યેનો અને તેના સર્વ પ્રકારના સંબંધો પ્રત્યેની લાપરવાહી અને વિરાગની ભાવના "ઉદ્દગાર" "હમારી પરેશાની" અને હું શું લખું? ગઝલોમાં વ્યકત થઇ છે. જુઓ:

સગા સંબંધીઓ વહાલાં. બધાં બહાનાં જૂઠાં ઠાલાં.
પિતા, માતા, પતિ, પત્ની, અરેરે માત્ર કહેવાનાં.[૧૨૫]

..........

[૧૨૨]એજન પૃ. ૩૦

[૧૨૩]એજન પૃ. ૩૧

[૧૨૪]એજન પૃ. ૩૧

[૧૨૫]એજન પૃ. ૧૯

એવું છતાં. ભગવું જિગર આ રંગવા મથતો ફરું.
પરબ્રહ્મ વિનાનો એકરંગી. આખિરે મસ્તાન છું.[૧૨૬]

૮. <u>હૃદયની સચ્ચાઇ અને આત્મપરીક્ષણની ચોકસાઇ</u>:

પોતાના હૃદયની સ્થિતિનું યથાર્થ નિરૂપણ કરતાં "સાગર" કહે છે કે જગત પ્રત્યેના વિરાગની ભાવના હૃદયમાં પ્રકટી હોવા છતાં હું જગતનો ત્યાગ કરી શકતો નથી.

ભૂલો હું આ પિછાનુંછું. છતાં આ આલમે રહું છું.
જતો નથી જંગલે ચાલ્યો! ખરેખર ભૂલ એ મારી.[૧૨૭]

પોતાના હૃદયની નિર્બળતાના પશ્ચાત્તાપનો નિશ્વાસ, ક્રિયામાં પરિણમતો નથી. પોતાની આ ભૂલનો વિશુબ્ધ હૃદયે સ્વીકાર કરતાં "સાગર" કહે છે કે:

અજાણી લાઇલાઝી ના, છતાં નિશ્વાસ આ મારા
હવામાં હું ગુમાવું છું. ખરેખર ભૂલ એ મારી.[૧૨૮]

આત્મપરીક્ષણની ચોકસાઇ કરતાં "સાગર" પોતાનો દૃઢ નિર્ણય જાહેર કરે છે કે:

દિયાનત હમારી સાફ છે. નીતિ હમારી પાક છે.
મૌલા હમારો નેક છે, તો બીક શી વ્યવહારની?[૧૨૯]

દેહદૃષ્ટિને પરિણામે પોતે પરમાત્મપ્રેમથી વંચિત રહ્યા છે. પોતાની આ ભૂલ કબુલ કરતાં "સાગર" કહે છે કે:

તે નિશાની બતાવી, ગુલ ઝૂકતાં તહીં છૂપતી સનમ.
એ ભેદ હું ભૂલ્યો: તને ઢૂંઢવા હવે ભરું ક્યાં કદમ?[૧૩૦]

...........

[૧૨૬] એજન પૃ. ૨૭

[૧૨૭] એજન પૃ. ૨૫

[૧૨૮] એજન પૃ. ૨૫

[૧૨૯] એજન પૃ. ૨૭

[૧૩૦] એજન પૃ. ૪૬

ઐહિક સંબંધોનું મિથ્યાત્વ ન સમજાયું અને પરિણામે પોતે જગતના વ્યવહારોમાં જ રચ્યાપચ્યા રહ્યા. પરંતુ ભૂલ સમજાતાં તે પરમાત્મકૃપાની યાચના કરતાં કહે છે કે:

મારા ગુનાહની ગમગીનીમાં, હું હવે ગમખ્વાર છું,
ને રેડવા તુંમાં જિગર આ, હું હવે તૈયાર છું.[૧૩૧]

અંજામની પળ આવી આખિર, ખેલ આ કરશે ખતમ-
મે ખારને ગુલો ગણ્યાં, હું ભૂલ્યો રહમ કર ઓ સનમ.[૧૩૨]

<u>કલ્પનાનું નિરૂપણ</u>:

"સાગર" ની પ્રારંભકાલની ગઝલોમાં કલ્પનાનું નાવીન્ય પ્રાપ્ત થતું નથી. ચિત્ત ચકડોળ, કે ભ્રમરુ વમળનીકલ્પના સામાન્ય છે. તેમછતાં દરિયાવ આંસુના સીનાની કે જિગરને ભગવા રંગથી રંગવાની કે પરીના ગૌરમાં ઘૂમવાની કલ્પનાઓ આકર્ષક છે.

"કલાપી"માંથી લીધેલી કલ્પનાઓમાં જીવનના અસ્તિત્વને ખતમ કરવાની કે દિલબરની પરેશાનીમાં જ રાહત અનુભવવાની કલ્પનાઓ યથાર્થ છે.

<u>સૂફીવાદની ભાવના</u>:

"સાગર" ની પ્રારંભકાલની ગઝલોમાં જ ઇશ્કેહકીકીની સૂફીવાદની ભાવનાનું નિરૂપણ છે. "આશકનો એકરાર" સૂફીવાદની પ્રથમ ગઝલ હોઇ તેમાં સનમની મીઠી નજર દ્વારા સનમ સાથેના ઐકયની યાચનાનું નિરૂપણ છે. અનલહકકની ઉપાસના કરનાર આશક જિગરને મીનોઇનૂરનું દર્શન કરાવવાની ખ્વાહિશની આરઝૂ વ્યકત થઇ છે. સૂફીવાદની પરિભાષાના શબ્દો- સનમ, મહબૂબ, ફના, મીનોઇનૂર અનલહકક, વસ્લ વગેરે દ્વારા ગઝલોમાં "સાગર" ફારસી વાતાવરણ ખડુ કરી શકયા છે, જે સૂફીવાદની ભાવનાનું યથાર્થ નિરૂપણ કરવામાં સહાયભૂત બન્યા છે.

...........

[૧૩૧] એજન પૃ. ૪૬

[૧૩૨] એજન પૃ. ૪૬

સૂફીવાદમાં "સાગર" ના હૃદયનો ક્રમિક વિકાસ સમજવા માટે "આશકનો એકરાર" અને "દિલબરને" ગઝલો નોંધપાત્ર છે. આ બન્ને ગઝલોમાં "સાગરે" ફના- આત્મ સમર્પણની ભાવના દ્વારા ઇશ્કે હકીકીની પરમદશા પ્રાપ્ત કરવા માટે સનમને દીનભાવે કરેલી યાચના- સનમની મીઠી નજર, પરમાત્મ-કૃપાની વાંછનાનું યથાર્થ નિરૂપણ છે.

જગત પ્રત્યેના પ્રબળ વિરાગ અને પોતાની સનમ પ્રત્યેની અડગ શ્રધ્ધા અને પ્રેમની અનન્યતા દ્વારા "અનલહકક" નો સ્વાનુભવ પ્રાપ્ત કરવાની એક માત્ર પ્રબળ ઇચ્છા પણ તેમાં વ્યકત થઇ છે. "સાગર" ની સર્વ ગઝલોનું આ વિશિષ્ટ લક્ષણ પ્રારંભકાળની ગઝલોમાં પણ સ્પષ્ટ જોઇ શકાય છે.

"સાગર" નાં ખંડની ગીતો

"સાગર" ને ખંડની ગીતો લખવાની પ્રેરણા "કાન્ત" ની સાથેના ગાઢ સંબંધનેપરિણામે તેમના દ્વારા પ્રાપ્ત થઇ હતી. "સાગરે" પોતાના ખંડની ગીતો જોવા માટે તેમને મોકલ્યાં હતાં. તે અંગે "કાન્તે" ખંડનીગીતનું શુધ્ધ સ્વરૂપ સમજાવતાં પોતાનો અભિપ્રાય દર્શાવતાં એક પત્રમાં જણાવ્યું હતું કે: "ખંડની ગીતના શુધ્ધ સ્વરૂપમાં ચાર શુધ્ધ ચરણ હોવાં જોઇએ. અને પહેલાં ત્રણ ચરણનો પ્રાસ" ખંડની ગીતના આ લક્ષણની દૃષ્ટિએ જોઇએ તો "સાગર" ના અડધા ઉપરાંતનાં ખંડની ગીતોમાં કુલ ત્રણ કે પાંચ ચરણ હોય છે. કેટલીકવાર જોડકાં ખંડની ગીતો પણ "સાગરે" લખ્યાં છે. આમ, સ્વરૂપની દૃષ્ટિએ "સાગર"નાં ખંડની ગીતોમાં વિવિધતા દૃશ્યમાન થાય છે. લાગણીએ લીધેલા કરુણ રસના રૂપમાંથી કરુણ કાવ્ય ચમત્કાર બતાવતા હોવાને કારણે કલાપીનાં ખંડનીગીતો ચિરંજીવ છે, તેજ પ્રમાણે "સાગર"ના ખંડનીગીતોમાં પણ કરુણતાનું અને મન અને હૃદયના સંઘર્ષ દ્વારા રજૂ થયેલા કરુણ રસનું દર્શન થાય છે. ખંડની ગીત એટલે નાનાં ભાવબિન્દુઓ - હૃદયની લાગણીઓ અને તેના આંદોલનમાંથી ઉત્પન્ન થતા વિચારોની ચાર પંકિતની મર્યાદામાં રજૂઆત.

"સાગર" ની પ્રારંભકાલની કવિતામાં ભજની ગીતો સારા પ્રમાણમાં રચાયાં છે. આ ભજની ગીતોમાં વિષયની દૃષ્ટિએ ખાસ વૈવિધ્ય નથી. જીવનમાં અને જગતના વ્યવહારોમાં સાંપડેલી કરુણતાનું તેમજ જગતના સંબંધોનો ત્યાગ કરવાની ભાવનાને પરિણામે હૃદયમાં પ્રગટેલા સંઘર્ષ નું આલેખન કર્યું છે. આ ભજનીગીતોમાં "મારાં પંખીડાં" "બાલક પંખીને" "આશ્વાસન" "નિષ્ફળતા" જેવાં રૂપક ભજની ગીતો- પણ છે તો "રંગ પ્રસંગોના." અને "ફરજ" જેવાં પરંપરિત ભજની ગીતો પણ છે. આ પ્રકારનાં ભજની ગીતોમાં આઠને બદલે બાર કે સોળ પંક્તિઓ હોય છે.

<u>રૂપક પ્રકારનાં ભજની ગીતો</u>

"મારાં પંખીડાં" આખું રૂપક કાવ્ય છે. આ ભજની ગીતોમાં પંખીઓના રૂપક દ્વારા "સાગર" પોતાનાં સગાંસંબંધીઓને ઉદ્દેશીને કહે છે કે તેમને પોતાની સત્ય, હિત અને સ્નેહની વાતો ગમતી નથી. એ પંખીડાંઓ- સગાં સંબંધીઓ પોતાનો વિશુધ્ધ પ્રેમ જીરવી શકે એમ નથી. પોતે એમાં નિષ્ફળ ગયા હોવા છતાં તે પોતાનો પુરુષાર્થ સભાનપણે ચાલુ રાખે છે. આ હકીકત આ ભજની ગીતમાં પંખીડાના રૂપક દ્વારા કવિએ રજૂ કરી છે.

"બાલક પંખીઓના આત્માની ઉન્નતિ" માટે જનસમાજની વિવિધ પ્રવૃત્તિઓ "સાગરે" ઇ.સ. ૧૯૦૮ ના અરસામાં સરખેજમાં આદરી હતી. પોતાની જ્ઞાતિના વિધ્યાર્થીઓ માટે "સાગર" એક છાત્રાલય પણ ચલાવતાં પરંતુ તે "સરખેજ બોર્ડીંગ નું અવસાન" થતાં આ કાવ્ય મારાં પંખીડાંને" ઉદ્દેશીને લખાયેલું છે. ૦"સુદર્શન" ના ૧૯૦૮ ના ફેબ્રુઆરીના અંકમાં પ્રગટ થયેલા આ કાવ્યમાં પાઠભેદ આ પ્રમાણે છે:

"ચંચૂ પ્રહાર સહુ પણ પાળું
વ્હાલા પંખીને"
:આવી પ્રતિજ્ઞાઓ:[૧૩૩]

...........

૧૩૩ એજન પૃ. ૫૬

"આવી પ્રતિજ્ઞાઓ" પાછળથી કાઢી નાંખ્યું છે. બાલક પંખીનું રૂપક આ કાવ્યોમાં છે તેનો નિર્દેશ મોઢ બ્રાહ્મણપત્ર[134]માં છે.

"બાલક પંખીને" કાવ્યમાં પણ રૂપક છે. પોતાના વિશુધ્ધ સ્નેહને ન પચાવીશકનાર સ્નેહી જનને- પંખીડાને એમાં ઉદ્બોધન છે. કવિ સ્નેહનીજનને પૂછે છે કે:

"મે મારી ફરજ સમજીને તમને વિશુધ્ધ સ્નેહના પાઠ શીખવ્યા એ જ શું મારી ભૂલ છે? "

"ધર્મ ગણી પ્રણયે લલચાયો
એ ભૂલો મારી. [135]

"આશ્વાસન" કાવ્યમાં પણ આ જ ભાવનું નિરૂપણ છે. પોતાના સ્નેહીઓ તરફથી તેમના પ્રેમભર્યા વર્તનનો સામો બદલો ન મળતાં બુધ્ધિયુકત દલીલ દ્દારા કવિને પ્રાપ્ત થતાં આશ્વાસનનું નિરૂપણ છે. કવિ આ ાનસમાં સનાતન સત્યની જાણે કે પ્રતીતિ થતી હોય તેમ લાગે છે. તે માને છે કે " આ બધી મોહક માયા છે અને એમાં વસતા સ્નેહીઓ સાથેનો સબંધ પણ મિથ્યા હોઇ, તેમને માટે શોક કરવો નિરર્થક છે. પંખીઓ જેમ આવ્યાં છે તેમ ઊડીને ચાલ્યાં જવાના છે. વિશ્વમાં વ્યકિતનું સ્થાન ભૂરા દેખાતાં અણગણ તારક વૃંદોમાંની એક નાની તારકડીના જેવું હોઇ વિશ્વના માયાવી સંબંધોની અનિષ્ટતાનો સ્વીકાર કરતાં "સાગર" કહે છે કે પોતાના સંબંધીઓ માટે તેમણે દર્શાવેલો પ્રેમ યોગ્ય ન હતો" આ રીતે કવિ આશ્વાસન પ્રાપ્ત કરી લે છે.

"નિષ્ફળતા" કાવ્યમાં પણ રૂપક છે. રણવગડે જળ માટે ટળવળતા પંખીને ધૂમાડાના માત્ર ગોટાને પરિણામે પ્રાપ્ત થતી સરિયામ નિષ્ફળતાના અને

...........

[134]એજન પૃ. ૧૨૧

[135]એજન પૃ. ૫૬

એકલે હાથે સમુદ્રમાં ઊંડાં પાણી વ્યર્થ ઠહોળનારનાં રૂપકો દ્વારા "સાગર" આ ગીત દ્વારા વ્યકત કરે છે કે: "પોતે એકલે હાથે જનસેવાને માટે ઝૂમતા પોતાનો સ્નેહ સ્વજનો પારખી શકયા નહીં, તેમના તરફથી સામો પ્રતિકાર પ્રાપ્ત થયો નહીં. પોતે સ્વજનોને દર્શાવેલા સ્નેહને મળેલી નિષ્ફળતા આ રૂપક દ્વારા કવિએ રજૂ કરી છે.

"રંગ પ્રસંગોના" અંજની ગીતમાં એકો હં બહુસ્યામ્ ની ભાવનાનું દૃષ્ટાંતો દ્વારા નિરૂપણ છે. જુદા જુદા દૃષ્ટિબિન્દુથી જોઇએ તો તે રંગો એક જ વ્યકિતના હોવા છતાં ભિન્ન હોવાનું કારણ ભિન્ન ભિન્ન પ્રસંગો છે. શ્રીકૃષ્ણ અને શ્રીરામનાં દૃષ્ટાંતો આ હકીકતનું નિરૂપણ છે, જુઓ:

"વિશ્વ ઘણાં વિષ્ણુ એક છતાં યે
કાર્ય ઘણાં જન એક છતાંયે
નીતિ જુદી મન એક છતાંયે
[136]

આ અંજનીગીતનો પાઠભેદ નોંધપાત્ર છે.

"રામ સીતા વિરહી બનવાથી
આંખડી એક સમે વરસાવી,
એક સમે વનમાં રખડાવી,
:કાળ તણી સહુએ બલિહારી. :

રંગ પ્રસંગોના.
એક સમુદ્ર સુધા નિપજાવે,
મોહની, વિષ મણિ પ્રકટાવે,
દાનવ, દેવ, મનુજ લલચાવે,
:દાનવ, દેવસ્સમા લલચાવે:

.......

[136] એજન પૃ. ૫૭

સાગર રંગ તરંગ મચાવે,
રંગ પ્રસંગોના.[137]

"સાગરે" આ ગીતની કૌંસમાં દર્શાવેલી પંક્તિઓનો પાઠભેદ ભજનીગીતના શુધ્ધ સ્વરૂપની દૃષ્ટિએ વધારાની પંક્તિઓ હોવાને કારણે કાઢી નાંખી છે. "અમે એકલડાં" માં સગા સંબંધીઓ પ્રત્યેના સ્નેહ અને હિતના સર્વ પ્રયત્નો નિષ્ફળ જતાં તેમણે, કરેલા એકલા રહેવાના નિશ્ચયનું તેમાં નિરૂપણ છે.

"એક સમાધાન" માં કવિ પોતાની બુધ્ધિ અને હૃદય વચ્ચેના વિગ્રહને અંતે દૃઢપણે નક્કી કરે છે કે પોતાના સ્નેહીઓ પ્રત્યે સ્નેહ અને હિત વરસાવવાનું તે ચાલુ રાખે એ જ ઇચ્છનીય છે. એનું કારણ દર્શાવતાં "સાગર" કહે છે કે:

"કાર્ય નથી પરિણામ વિનાનું-
વ્હેલું કે મોડું[138]

હૃદયનું દુઃખ એકલાને જ સહન કરવાનું હોય છે. સુખમાં સૌ સાથી હોય છે દુઃખમાં કોઇ નહીં. એ અનુભવ "પરિતાપ" ભજની ગીતમાં આ રીતે વ્યકત થયો છે.

"પૂર બધું વેગે વહી જાતુ
શુષ્ક થતું જલહીન જણાતું:
રસમય તત્ત્વ નહીં સમજાતું
જવાલા ના બૂઝે[139]

...........

[137] એજન પૃ. ૫૭

[138] એજન પૃ. ૫૮

[139] એજન પૃ. ૫૦

અંતરનો નિર્દેશ જ્યાં દોરે ત્યાં દોરાવું અને જેમ કહે તેમ કરવું તેમાં જ સાચી શ્રધ્ધા છે. આ સર્વ જૂઠું છે, માયા છે અને તેમાં વિશુધ્ધ સ્નેહ માટેનો સર્વ પ્રયત્નો મિથ્યા છે એ "સાગર" ની આર્તસ્થિતિનું "પરિસ્થિતિ" માં નિરૂપણ છે, જુઓ:

સાદ કરું છું સર્વ નકામાં,
સ્નેહ કરું છું, તે સૌ કાચાં
યત્ન કરુ છું, વ્યર્થ ઉધામા
જૂઠું, સૌ જૂઠું.[140]

"મારો હિંડોળો" ગેજની ગીતમાં વ્હાલાં સ્નેહીઓને હિતના હિંડોળો બાંધવાની અને સ્નેહની સ્વર્ગ સાથે સાંકળ સાંધવાની અને તે વ્દારા શાશ્વત ઐકયની ગાંઠ વડે આનંદે ઝૂલવાની યાચના છે.

"નવયજ્ઞ" માં મંગલમય સ્નેહના યજ્ઞમાં સ્વાર્થરૂપી બલિ હોમીને હિતના દાન વ્દારા ફલશ્રુતિ રૂપે પ્રેમસુધા પીવાની અને પાવાની બધાં પંખીડાંઓને કવિએ "યાચના કરી છે" "પંખીડા" નું રૂપક કવિના આપ્તજનોનું નિર્દેશક છે.

"આશા" ગેજની ગીતમાં પોતાના પ્રયત્નોમાં મળેલી નિષ્ફળતામાં પણ કવિનું હૃદય આશાનું દ્યુતિકિરણ નિહાળે છે. આશા ને માટે તે નીચેની પંકિતમાં કહે છે કે "આશા એ મીઠું મધુબિન્દુ - આ મહેરામણમાં."

"ફરજ" ગેજનીગીતમાં તેર પંકિતઓમાં પોતાની સ્નેહીઓ પ્રત્યેની ફરજથી પોતે સભાન છે પરંતુ વિશ્વના મર્યાદિત વાતાવરણમાંથી પોતે બહાર ઊડી જવાની ભાવના રજૂ કરી છે. તે સાથે પોતાનાથી જે કાંઇ બને તે જનસેવા વ્દારા ક્ષારણ્યમમાં કુંજ રચવાનો અને પોતાનું બલિદાન પણ સમય આવે આપવાનો પોતાનો દૃઢનિર્ણય "સાગર" જાહેર કરે છે.

............

[140] એજન પૃ. ૫૯

"એક પ્રશ્ન" ગીતમાં પોતાના સ્નેહ અને આદર્શના હિતનો નિર્દેશ કરતાં "સાગર" પોતાનો આંતરવિગ્રહ સંઘર્ષ એક પ્રશ્ન દ્વારા રજૂ કરે છે. પોતાના આદર્શમાં સાંપડેલી નિષ્ફળતાનું કારણ સમજવાનો પ્રયત્ન કરતાં તેમાં પોતે કારણભૂત છે કે વિશ્વ એ પ્રશ્ન દ્વારા આ રીતે આંતરવિગ્રહ રજૂ કરે છે.

"વિશ્વ બધું કૈં જુદું જુદું છે.
કૈં નયનો કૈં ઓર જુએ છે.
હું છું નીચે, કે વિશ્વ પડ્યું છે.
આવડું અંતર કેમ રહ્યું છે.
કોઇ મને કહેશો? [૧૪૧]

પરમાત્મા હંમેશાં ભકતની રક્ષા કરે છે એ "અણમોલ વચન" અંજનીગીતમાં સ્પષ્ટ કરતાં "સાગર" પ્રભુને વિનંતી કરે છે કે, પોતાના સ્નેહ અને જનહિતના કાર્યોમાં પોતાની પરમાત્મા રક્ષા કરે. પ્રભુની "છે રક્ષા મારી" એ અમૃતવાણી સાંભળવાની ઝંખના આ રીતે વ્યકત થઇ છે.

"જીવનછાય હવે નમતી છે:
મૃત્યુની આખિર આવી ઘડી છે:
અમૃતવાણી, પ્રભો. સુણવી છે:
"છે રક્ષા મારી" [૧૪૨]

"સાગર" ના અંજનીગીતો પર "કાન્ત" દ્વારા પડેલી બાઇબલની અસર "સાગર" ના અંજનીગીતોનું એક વિશિષ્ટ લક્ષણ છે. "The sweet By and By" ઉપરથી "પેલી ભૂમિ" "The Golden Shore" ઉપરથી સૂચિત "સોનેરી કિનારા" "Who is He ? Heb II.9 ઉપરથી સૂચિત "તે કોણ. " My Redeemer Psalms XIX ઉપરથી સૂચિત "મારો ત્રાતા" I need Thee every hour" Psalms L XXXVI-I ઉપરથી સૂચિત "યાચના" અને Consecration acts" X.24 ઉપરથી સૂચિત "અર્પણ" અંજનીગીત છે.

...........

[૧૪૧] એજન પૃ. ૬૧

[૧૪૨] એજન પૃ. ૬૫

ઉપરથી સૂચિત "ઓ દયાળુ પ્રભુ" અંજની ગીત રચાયેલું છે.

"સાગરે" કરેલા બાઇબલના મુકત ભાવાનુવાદો કેટલીકવાર મૂળ કરતાં પણ વધારે સુંદર હોય છે. એમાં ભાવની સચોટતા અને અર્થગાંભીર્ય ખાસ ધ્યાન ખેંચે છે.

"પેલી ભૂમિ" અંજની ગીતમાં પેલી દિવ્ય ભૂમિના સ્વર્ગીય સુખદ કિનારા જોવાની ભાવના વ્યકત થઇ છે. "સોનેરી કિનારા" માં જીવનસાગરના સોનેરી કિનારા ચાહતાં ને ગાતાં તરવાની ભાવના વ્યકત થઇ છે. "તે કોણ?" માં દુ:ખી જગતને જોઇ દુ:ખી થતા અને સ્નેહ અને હિત મોકલનાર મહિમાવંત પ્રભુની યશગાથા ગાઇ છે. "મારો ત્રાતા" અંજનીગીતમાં પરમાત્માને, કવિના નિયામક થવાની અને આ અશાશ્વત જગતમાંથી પોતાનો છૂટકારો થવાની યાચના છે.

"પ્રાર્થના" અંજનીગીતમાં આજ ભાવ સચોટ રીતે વ્યકત થયો છે.

"પળ પળ છે પ્રિય. ગરજ તમારી.!
પરમ પવિત્ર નિયામક સ્વામી.!
તારક. પાલક. બાલ બનાવી
પતિત છતાં લ્યો, નાથ. નિભાવી
સ્વામી ઓ મારા.[૧૪૩]

"છે અવકાશ હજી" માં શાશ્વત સ્નેહની પ્રાપ્તિ માટે હજુ અવકાશ છે એ ભાવ વ્યકત થયો છે. સ્નેહીઓને સ્નેહસુધાના પ્યાલા પીવાનું અને પાવાનું એમાં આમંત્રણ છે. "યાચના" અંજનીગીતમાં માર્ગ ભૂલેલાને યથાર્થ માર્ગ બતાવવા માટે પરમાત્મકૃપાની યાચના છે. "આ ઘર" માં આ ઘરને – જગતના પોતાના ક્ષણિક નિવાસને– "સાગરે" ઉપયોગી મુસાફરખાનું કહી વર્ણવ્યું છે.

...........

[૧૪૩] એજન પૃ. ૬૪

"અર્પણ" અંજની ગીતમાં પરમાત્માને સાચા અંતરથી કરેલી વિનંતી છે. કવિ પરમાત્મા પાસે યાચના કરે છે કે: પોતે સર્વસ્વ અર્પણ કરવા માટે તૈયાર છે. પોતાની બુધ્ધિના અર્પણ દ્વારા પોતાનું હૃદય પરમાત્માથી ભરી દેવા અને જીવન પરમાત્મમય કરવાનો અનુરોધ છે. "સરિતા તીરે" માં પ્રકૃતિના - સરિતે સમાગમ દ્વારા પરમાત્માનું સાન્નિધ્ય પ્રાપ્ત કરવાની ભાવના વ્યકત થઇ છે.

"ઓ દયાળુ પ્રભુ" અંજનીગીતમાં પરમાત્મકૃપા વડે સ્નેહ પ્રકાશને સત્યની પ્રાપ્તિની ઝંખના વ્યકત થઇ છે.

સાગરનાં અંજનીગીતોની વિશેષતા - મર્યાદા

સ્વરૂપની દૃષ્ટિએ "સાગર" નાં અંજનીગીતો, "મારાં પંખીડાં" "બાલક પંખીને" "આશ્વાસન" "નિષ્ફળતા" "પરિસ્થિતિ" "મારો હિંડોળો" "એક પ્રશ્ન" "પેલી ભૂમિ" "પ્રાર્થના""છે અવકાશ હજી" "યાચનાં અને અર્પણમાં પ્રથમ કે દ્વિતીય ખંડકમાં ચારને બદલે પાંચ પંકિતઓ છે. શુધ્ધ સ્વરૂપમાં ચાર પંકિતઓ હોવી અનિવાર્ય છે. સ્વરૂપની દૃષ્ટિએ "સાગર" ની આ મર્યાદા છે. "ફરજ" અંજની ગીતમાં તેર પંકિતઓ છે તો "રંગ પ્રસંગોમા" માં સોળ પંકિતઓ છે. એટલે કે બે અંજનીગીતોનું ઝૂમખું સામંજસ્ય છે. "સોનેટ માળામાં બે સોનેટો હોય છે, તેવી રીતે આ પ્રકારના અંજનીગીતને અંજનીમાળા કહી શકાય ખરી. અંજનીગીતના પ્રકારમાં આ એક વિશિષ્ટ ઉમેરો છે. "ફરજ" અને "રંગ પ્રસંગોમા" માં સ્વરૂપની દૃષ્ટિએ "સાગર" ની વિશેષતા ગણવી જોઇએ.

"સાગર" ના અંજનીગીતોની બીજી વિશેષતા તેમાંનું શબ્દલાલિત્ય છે. શબ્દલાલિત્યની સાથે અર્થનું ગાંભીર્ય ખાસ ધ્યાન ખેંચે છે.

"આશ્વાસન" અંજની ગીતમાં નીચેની પંકિતઓમાં ભાવનું યથાર્થ નિરૂપણ છે.

"મિથ્યા આ નયનો ય ભીંજાવ્યાં.
મોહક સૌ માયા.[૧૪૪]

"રંગ પ્રસંગોના" માં રજૂ થયેલી ભાવની સચોટતા જૂઓ:

"વિશ્વ ઘણાં વિભુ એક છતાંયે.
કાર્ય ઘણાં જન એક છતાંયે.
નીતિ જુદી મન એક છતાં યે.
૧૪૫

"બાલક પંખીને" અંજનીગીતમાં ભાવની નાટ્યાત્મકતા ખાસ ધ્યાન ખેંચે છે. શબ્દો વ્દારા એક સમગ્ર ભાવચિત્ર રજૂ થયું હોય એમ લાગે છે. "સાગર" ના અંજનીગીતોમાં પ્રયોજેલાં રૂપકો "સાગર"ની વિશેષતા છે. "બાલક પંખીને" માં પણ આ રૂપક વ્દારા કવિ ગાંભીર્ય સાધી શકયા છે. જુઓ:

માફ કરો પ્રિય બાલક પંખી.
ડંખી કુસુમત્તણી સેજલડી.
વેરણ થઇ હસતી આંખલડી.
ક્રૂર થયો: લુંટી મેં નિંદરડી.
એ ભૂલો મારી.[૧૪૬]

"મારાં પંખીડાં" અંજનીગીતમાં પણ આ જ રૂપકમાં અર્થનું ગાંભીર્ય તેમજ ભાવની સચોટતા આ રીતે કવિએ સાધી છે.

"ભાગ્ય લખ્યું" કહી હું ન વિરમામું
નિષ્ફળ યત્ન, છતાં નહીં થાકું:
રોષ કરો કદી તો ય હું રાચું,
ચંચુ પ્રહાર સહુ પણ્ પાળું-
વ્હાલાં પંખીને-[૧૪૭]

.......

[૧૪૫]એજન પૃ. ૫૭

[૧૪૬]એજન પૃ. ૫૬

[૧૪૭]એજન પૃ. ૫૬

ચિત્રાત્મક નિરૂપણ દ્વારા ભાવના ઉપરની પંક્તિઓમાં થયેલાં તાદૃશ્ય આલેખનનો "નિષ્ફળતા" અંજનીગીતમાં પણ સુંદર નમુનો છે. જુઓ:

રણવગડે ટળવળતું પંખી:
થાકયું બિચારું "જળ જળ" ઝંખી.
આશ નિરાશ બની બહુ ડંખી:
રોતું ને કળકળતું દેખી-
ગોટ ધૂમાડાના.[૧૪૮]

"મારો હીંડોળો" અંજનીગીતમાં અર્થની પ્રવાહિતા ખાસ ધ્યાન ખેંચે છે. શબ્દનું માધુર્ય અર્થને કેટલું સહાયક નીવડે છે તે જુઓ:

તાલ તૂટે ના. ભંગ પડે ના.
પ્રેમ ચળે ના. ઐકય ખસે ના.
ધર્મ ડગે ના. કર્મ ડગે ના.
એવું સૌ ચાચો.[૧૪૯]

"નવયજ્ઞ" માં વર્ણાનુપ્રાસ દ્વારા અર્થનું ગાંભીર્ય કવિ સાધી શકયા છે જુઓ:

પ્રેમ સુધા પી જો ને પાજો.
પંખીડાં સૌએ.[૧૫૦]

ભાવના નિરૂપણમાં શબ્દનું પુનરાવર્તન અને વર્ણાનુપ્રાસ બંને એકસરખા સહાયક નીવડે છે. "આશા" અંજનીગીતની નીચેની પંક્તિઓ ખાસ નોંધપાત્ર છે.

આશાએ આશામાં જીવું
આશ જતાં મૃત્યુ, વિભુ. દે તું
આશા એ મીઠું મધુ બિન્દુ
આ મહેરામણમાં-[૧૫૧]

............

૧૪૮ એજન પૃ. ૫૯

૧૪૯ એજન પૃ. ૬૦

૧૫૦ એજન પૃ. ૬૦
૧૫૧ એજન પૃ. ૬૦

ઊર્મિનું સચોટ આલેખન "પ્રાર્થના" "છે અવકાશ હજી" "યાચના" "અર્પણ" "ફરજ" "નવયજ્ઞ" જેવાં ભજનીગીતોમાં સ્પષ્ટ પ્રતીત થાય છે. નાટ્યાત્મક શૈલી આ ભજનીગીતોમાં ખાસ નોંધપાત્ર છે. જુઓ:

ઠોકું છું, ઠોકું દ્વાર ઉઘાડો
ભૂખ્યો છું, કંઇ ભોજન આપો
તરસ્યો છું. દ્રાક્ષાસવ પાઓ
યાત્રાળુ છું પંથ ભૂલેલો
માર્ગ બતાવોને. [૧૫૨]

"ફરજ" ભજની ગીતમાં પણ નાટ્યાત્મક શૈલી નોંધપાત્ર છે.

ફરજનુંનામ દઇ ન સતાવો,
જ્ઞાન પ્રપંચ કંઇ ન બતાવો
વ્યર્થ હવે અમને શું ડરાવો?
ભૂલાવો ના ના --[૧૫૩]

પ્રાર્થના માં I need thee every hour નો અનુવાદ "ક્ષણ ક્ષણ છે પ્રિય ગરજ તમારી" અને yet there is room નો અનુવાદ છે અવકાશ હજુય હજી છે, સ્નેહદ્વાર હજી ખુલ્લું છે, અને Who is He ? નો અનુવાદ કોણ હશે એ.? માં મૂળ અર્થ કરતાં પણ કવિ અભિવ્યકિત સચોટપણે કરી શકયા છે. સરખાવો.

And the servant said, Lord, it is done as then hast commanded and yet there is room[154]

સેંટ મેથ્યુ Mathew VII-7-8 પરથી કરેલો અનુવાદ "યાચના" વિશેષ સુંદર છે. જુઓ:

...........

[૧૫૨]એજન પૃ. ૬૫

[૧૫૩]એજન પૃ. ૬૧

[154]Bible Luke XIV: 22

Ask, and it shall be given you. Seek and Ye shall find. Knock and it shall be opened unto you. for every one that asketh receiveth and he that seeketh findeth and to him that knocketh it shall be opened.[155]

"મારો ત્રાતા" ના "My redeemer" પરથી કરેલા ભાવાનુવાદમાં પણ "સાગર" ની અભિવ્યક્તિ મૂળ કરતાં વધારે સચોટ છે.

Keep back thy servant also from Presumptuous sins. Let them not have dominion over me. Then I shall be upright And I shall be innocent from the great trangression. Let the words of my mouth and the medition of my heart the acceptable in thy sight. O Lord, my strength , and redeemer"[156]

"કાંત" અને "કલાપી" ની માફક અનુવાદો અને મૌલિક કૃતિઓ- એમ બંને દૃષ્ટિએ "સાગર" નાં અંજની ગીતોનો પણ અંજની ગીતની પરંપરામાં મહત્ત્વનો ફાળો છે, એમાં શંકા નથી.

"સાગર" ના ઊર્મિ ગીતોમાં "ભક્તિકરું ભગવાન "નમું માતૃભૂમિ ગુજરાત" "વાંચનારને" "ચંદ્રમા" "જિંદગીને" "ખોવાયેલું બુલબુલ" અને "ચેનની પૂજા" આટલાં છે. "સાગર"નાં આ ગેય કાવ્યોમાં વિષયની દૃષ્ટિએ વિવિધતા દેખાય છે

...........

૧૫૬ Bible- My Redeemer XIX

155 Bible: St. Mathew VII 7-8

"ભકિત કરું ભગવાન" પદમાં ભકત હૃદયની પરમાત્મકૃપાની યાચના છે. તો "નમું માતૃભૂમિ ગુજરાત" - ગુજરાત પ્રત્યેની કવિની ભકિત દર્શાવેતું કાવ્ય છે. "ચંદ્રમા" પ્રકૃતિનું સુંદર વર્ણન છે, અને બાકીનાં કાવ્યો કવિની અંતર્દશાના ધોતક છે. "વાચંનારને" ઉપદેશાત્મક શૈલીમાં લખાયેલું પદ છે.

"સાગર"નાં ભકિતકાવ્યોમાં સર્વપ્રથમ પરમાત્માકૃપાની વાંછનાનું અને પરમાત્મામાં અડગ વિશ્વાસ અને દૃઢ શ્રધ્ધાનું સૌ પ્રથમ નિરૂપણ "ભકિત કરું ભગવાન" માં જોઇ શકાય છે.

આ કાવ્યોમાં "અર્ભક" "કૃપાનિધાન" જેવાં સંસ્કૃત શબ્દોનો પ્રયોગ પ્રવાહિતામાં અવરોધરૂપ નીવડે છે. "ચંદ્રમાં" માં ક્ષપાકર, ઋક્ષકુંજ, કે વિધુ જેવાં સંસ્કૃત શબ્દો સંગીતક્ષમતામાં આડે આવે છે. એને બદલે જ્યાં લોકબોલીના શબ્દો કે રૂઢિપ્રયોગો પ્રયોજ્યા છે ત્યાં કવિ અર્થની વિશદતા સાધી શકયા છે. "બાળી ભવાટવી ભડકી મરું છું" કે "ડોલે દશેદિશ નાવડું" કે "એ સહુએ તુજ કૂખ દીપાવી" માં અર્થની પ્રવાહિતા ખાસ ધ્યાન ખેંચે છે.

ભકિતકાવ્યોમાં વર્ણાનુપ્રાસ કે ઉપાડ દ્વારા કવિ સંગીતક્ષમતા સાધી શકે છે, જુઓ:

ભકિત કરું ભગવાન. ભાવે ભકિત કરું ભગવાના.
નીતિ વિના નહીં મુકિત કદાપિ, નીતિએ મારું નિશાન[૧૫૭]

શબ્દના પુનરાવર્તન દ્વારા કે વર્ણાનુપ્રાસ દ્વારા ઊર્મિકાવ્યોમાં સંગીતક્ષમતા "સાગર" ના ઊર્મિકાવ્યોનું વિશિષ્ટ લક્ષણ બની રહે છે. જુઓ:

મંદ મંદ સહ સુગંધ, સમીર લહરીઓ વહે
ઝીણી ઝીણી પંખી વિધુ, ગાન શા કરે અહા શ્રમ બધો હરે
મૃદુલ ગાન શાં કરે
નીરખી નીરખી ચંદ્રપ્રભા હૃદય કંઇ ઠરે.[૧૫૮]

...........

૧૫૭એજન પૃ. ૨૧

૧૫૮એજન પૃ. ૪૨

વર્ણાનુપ્રાસનું દૃષ્ટાંત જુઓ:

વિલસતો, વિહરતો, લટકતો, છાંટતો
ધવલ રંગ ધરી ઉમંગ, ધરણી ઉપર એ.[૧૫૯]

ચંદ્રમાનું વર્ણન અને તેમાં રહેલી કલ્પના "સાગર" ની વર્ણનકલાનો સુંદર નમુનો છે. જુઓ:

શું દિવ્ય દીપ વ્યોમ મંદિરે
ચળકતો, ભભકતો, ઝૂલતો ધવલ શો નભે
લટકતો, હિમાંશુ અધ્ધરે

અને

રંગ્યું બધા વિશ્વને
સ્ફટિક સમું સહુ કરે
ચંદ્રમા સરસ દીપ ગગનમંદિરે.[૧૬૦]

અન્ત્યાનુપ્રાસ પણ શબ્દ લાલિત્યમાં કેટલીક વાર ખાસ નોંધપાત્ર બની રહે છે.

ગ્રહગણ સુંદર શોભિત અધ્ધર
મધ્ય વિરાજી રહ્યો જ ક્ષપાકર
ચારું શું. ચિત્ર રચેલું મનોહર.[૧૬૧]

નીચેની કલ્પના પણ આકર્ષક અને નાવીન્યપૂર્ણ છે:

રજની પતિ નવલ-નૃપતિ તિમિરને ચીરે
વિધુ તિમરને ચીરે
વિમલ આછી નીલી નીલી મુદિર મંડળી દીસે
અહા. સતસુધા ઝરે![૧૬૨]

...........

૧૫૯ એજન પૃ. ૪૩

૧૬૦ એજન પૃ. ૪૩

૧૬૧ એજન પૃ. ૪૨

"જિંદગીને" ઉપદેશપ્રધાન કાવ્યમાં કવિ પોતાનો હૃદયભાવ આ પ્રમાણે વ્યકત કરે છે.

સહનશીલ રહેવું ઘટે, ભલે તૂટતું આભ,
ઇશ્વરાનિયમ હિતકર સદા, વિમાસવું વિણ લાભ[153]

"ખોવાયેલું બુલબુલ" માં રૂપક, કલ્પના અને વિરહનું દર્દ સચોટ અભિવ્યકિતમાં ખૂબ સહાયક બની રહે છે. જુઓ:

મારું નૂર વિનાનું મકાન
અરેરે કોઇ દીપાવો
મારા ચશ્મ ઝરે, દિનરાત
દીવાનાને કોઇ મનાવો.[154]

શબ્દ-લાલિત્ય, વર્ણાનુપ્રાસ, અન્ત્યાનુપ્રાસની યોજના, શબ્દપુનરાવર્તન અને સંગીતક્ષમતા "સાગર"માં પ્રારંભકાલનાં ઊર્મિકાવ્યોમાં પણ સ્પષ્ટ પ્રતીત થાય છે.

"સાગર"ના ઊર્મિકાવ્યોમાં કવિહૃદયના પ્રત્યક્ષ પરિચય વડે આત્મપ્રવાસીનો ક્રમિક વિકાસ સ્પષ્ટ જોઇ શકાય છે. "સાગર" ના હૃદયના ઊંડેરા ભાવો ઊર્મિ કાવ્યોમાં સવિશેષ વિશદ થાય છે. "ચેતનની પૂજા"માં "સાગર"ના હૃદયની તે સમયની દશાનું ભાવપૂર્ણ નિરૂપણ છે. જુઓ:

હરિરેવ જગત્ જગદેવ હરિ, ગૂઢ મંત્ર પરિચિત થાય.
જનહિતયજ્ઞની વેદી પરે નિજ હોમ્યે ઇશ પૂજાય્રે.[155]
– ન્હાવી ચેતનની પૂજા.

...........

[153] એજન પૃ. ૪૯

[154] એજન પૃ. ૪૯

[155] એજન પૃ. ૭૬

"સાગર" નાં ઊર્મિગીતોમાં પણ આપણે સંગીતક્ષમતા કે શબ્દમાધુર્ય દ્વારા અર્થની પ્રવાહિતાની વિશેષતા જોઇ શકીએ છીએ. સંસ્કૃતપ્રચુર પ્રવાહિતાની શૈલીને કારણે કેટલીકવાર ભાવની અભિવ્યક્તિ સચોટ રીતે થઇ શકતી નથી, તો બીજી તરફ એકનાએક વિચારનું પુનરાવર્તન "સાગર" નાં ઊર્મિકાવ્યોની મર્યાદા છે. આ બંનેનું સ્પષ્ટ દર્શન આપણને આ પ્રારંભકાલનાં ઊર્મિકાવ્યોમાં પણ થાય છે.

"સાગર"ની પ્રારંભકાલની ગઝલો, છંદોબધ્ધ કાવ્યો, ઊર્મિકાવ્યોનો વિગતે અભ્યાસ કર્યા પછી "સાગર" ના સાધનકાલ દરમિયાન રચાયેલાં આત્મવિશ્લેષણાત્મક કાવ્યોના અભ્યાસ તરફ આપણે વળીએ.

.......